ક લ્યા ણ યા ત્રી

શ્રી

# ચિત્રભાનુ

'चन्दनं न वने वने'

ભંસી

सत्यम्....

शिवम्....

सुन्दरम् !

# કલ્યાણયાત્રી
# શ્રી ચિત્રભાનુ

[ A PEN PICTURE
એક આછું રેખાચિત્ર ]

**A SPRING IN THE DESERT**

**OR**

**A PRINCE OF PLENTY**

પ્રકાશક :
મણીલાલ એ. મહેતા
બંસી એન્ડ કું.
૪૧૩, વસંતવાડી,

વિ. સં. ૨૦૧૭ : પર્યુષણ પર્વ

કિંમત: એક રૂપિયો

☆

મુદ્રક :
ભારતી પ્રેસ,
૭૯, મેડોઝ સ્ટ્રીટ,
કોટ : મુંબઈ.



સંસ્કારમૂર્તિ : સમયજ્ઞ મુનિશ્રી ચંદ્રપ્રભ સાગરજી :

'ચિત્રભાનુ'

*

A SAINT THAT SPEAKS....

IN THE SILENCE OF OUR SOUL

"From the West, I had gone to India in search of the light of the East. This light, I found in the person of His Holiness Muni Shri Chandraprabh Sagarji Maharaj (Chitrabhanu). His vast knowledge, wisdom and love for humanity have the power of enlightening our soul and heart. He shows us the glorious path of Life we have to follow–in order to find unity in ourselves and to reach our ultimate goal.

I bow deep to Maharaj Shri."

14–7–61 **Sorella von Le Brett**

14 Etienne Dumont.
Geneve (Switzerland)

●

"I met Muni Shri 'Chitrabhanu'.

He looked very much like what one would imagine Christ to be and gave me an impression of deep peace."

**Indira Gandhi**

18–3–'57
Prime Minister's House
New Delhi.

# ★ જતનથી જાળવ્યા રંગો ! ★

Many so-called 'Great Men'
are amazingly small of character
and petty in disposition,
while many **small** looking persons
are indeed, very great,
as they have, by their simple living and
high thinking,
and by their close contact with
the main currents of life,
built some invisible towers of
precious virtues.........
... so peerless & magnificient mountains
...... w i t h i n !

❀

**सो सो** દિવસોથી મ્હારાં અંતરમાં જે મીઠાં અમી 'આપોઆપ' ઉભરાતાં ગયાં, ને આકાશમાંથી અનેક અવનવી ભાવનાના રંગો ચિત્તમાં ઊતરતા રહ્યા–તેને 'જતન'થી મેં જાળવી રાખ્યાં: આવ્યા'તા એ બધાં ખળખળતાં અમીનાં ઝરણાંઓ ને રંગના પૂરો 'સહજ' ભાવે, પણ પૂરી લીધાં 'સાચવી'ને અંદરના 'ગભારા'માં ખૂબ જ માનસિક ચીવટથી મેં–જીવનની મોંઘી 'મૂડી' માનીને.

જેમ જેમ અમીના ફુવારા હૃદયકમળની પાંખડીઓને પખાળતા ગયા, એ સાધુતાની ખૂશબો પ્રસન્નતા ફેલાવતી ગઈ, એ શીતળતાનાં વાયુ દિલને 'તર-બતર' કરતાં રહ્યાં, ને જેમ જેમ વિવિધ જ્ઞાનક્ષેત્રનાં પચરંગી કિરણોનો રાશિ તેજ પ્રસારતો આગળ ને આગળ વધતો ચાલ્યો-તેમ તેમ ચિત્તનાં ઊંડાણમાં એક પ્રકારની શાંત, સુંદર, 'નિર્વિકલ્પ' મધુરી 'કલ્યાણ-સમાધિ' આવવા લાગી.

હું ન જાણું તેમ "કો'ક ગેબી ચીજ અંદરના તત્વને પ્રેમથી પંપાળીને પડકારી રહી છે" એવી ઝણઝણાટી થઇ: પ્રેરણા જાગીને બોલી:

"અય અનંતકાળના 'મુસાફર'-ચિતારા! શાંત થા. સ્વસ્થ થઈ વિરમી જા, થોડો કાળ-અહીં યોગ્ય 'વિસામો' માની. કાળના ચક્રમાં ફરતાં ફરતાં 'ઠહુરી' જા, થોડો સમય, અને આ બધી દુન્યવી 'ક્ષુદ્ર' કમાણી, રમતડીઓ કે પ્રવૃત્તિઓને પૂંઠ દઈ ઉતારી લે કૈંક 'ભવના ભાતા' રૂપે એ બધાં દિલખુશ હૃદયનાં રંગો કાગળ પર "કળાથી'-ત્હારી પીંછી ને અંતરનું સુંદર 'મિલન' સાધીને! ચિતારા, એવું, એવું કૈંક ચિતરી લે કે ત્હનેય 'તૃપ્તિ' થાય, ને જોનારનેય ખુશાલી ઉપજે: દ્રષ્ટા ને દ્રશ્યનો અજબ સંગમ થાય.

ચિતરી લે ત્હારી કળા ને કૌશલ્યથી! તેનાં દર્શને કૈંકને નવજીવન સાંપડશે, કૈંકમાં સંસ્કાર ને માનવતાની 'ઉર્મિઓ'

જાગશે, કેંકને ચેતનાનાં ઉષ્માભર્યાં જળ પીવા મળશે, કેકનાં નિરાશાભર્યાં અંધારિયા સંસારી જીવનમાં આશાનો ઝળહળતો દીપક પ્રગટશે-પ્રકાશ ફેલાશે. કેંક અસહ્ય જિંદગીઓ સહ્ય બનશે, કેંકમાં નૈતિકતાનાં તેજ ઊતરશે, કેંક નાસ્તિકો આસ્તિકોમાં પલટાશે, કેંક આસ્તિકોમાં 'ખરું' જીવન જાગશે, ઉપરથી જ માત્ર દેખાતાં કેંક ધર્મીઓનાં હૃદયમાં અંદરની સાચી ધાર્મિક-તાનો 'ઝરો' ફૂટશે. ચિતરી લે ચિતારા, આ એક મનોહર દૃશ્યને-ત્હારા આત્માનાં પૂર 'વૈભવ'થી.

તેનાં દર્શને કેંકને 'શાતા' મળશે, કેંકના ઠરી ગયેલાં જીવનમાં ગરમી આવશે, કેંકનાં સુકકાં, સૂનાં, ચિમળાઈ ગયેલાં શુષ્ક જીવનમાં સાચી તાજગી ને હરિયાળી ખીલી રસગંગાઓ વહેવા માંડશે. કેંકનાં દબાઈ ગયેલા હૃદયમાં નવું જોશ, ને દુઃખો સામે 'યુદ્ધ' કરવાની હિંમત જાગશે, કેંકને જિંદગીનો સાચો અર્થ સ્હમજાશે, કેંક સુકાન વિનાનાં આડાઅવળાં અથડાતાં નાવડાંઓને પ્રવાસનું 'લક્ષ' સાંપડશે, ધર્મ કે નીતિ તરફ પૂંઠ ફેરવી જીવતા કેંક જનોમાં ધર્મ પ્રત્યે અભિરુચિ પેદા થશે, કેંક કજિયાળાં કૌટુંબિક જીવનમાં પ્રેમ ને વાત્સલ્યનાં પૂર વહેશે, કેંકમાં વિશાળતા ને 'ઉર્ધ્વ'ગમનની ઝંખના જાગશે: કેંકમાં તેની વચનસુધાથી જીવનમંજરીઓ ખીલશે, કેંક પાનખરો વસંતમાં ફેરવાશે. ચિતરી લે! કેંકનું ભલું થશે-ચિતરી લે, આ મનોહર 'સીનેરી' જલદી જલદી! 'ગરમાગરમ' દિલે! ચિતારા!

મોજ ઠંડી પડી જાય તે પહેલાં જ!

ઉઠાવ ત્હારી પીંછી ને ભેળવી દે ત્હારા 'દિલનો રંગ!"
જાણે એક ચિત્ર રાહ જૂએ છે.

પ્રેરણા તો પાછળ પડી'તી ગંગાના ધસમસતા પ્રવાહ માફક! મ્હારી મુસીબતોની દલીલ સાંભળવા તે તૈયાર નહોતી. એ તો બોલતી જ રહી, ફરી બોલી:

"એક બે-ભાવનાશાળી બ્હેનોનાં મૂલ્યાંકન કરતાં પત્રો વાંચીને દૂર દૂર જાપાન બેઠાં તું કદિક 'ઝંખતો' હતો જે સાધુનાં પ્રિય દર્શન માટે, અને ચાહતો હતો જીગરથી જેમનાં વિપુલ જ્ઞાનની પ્રસાદિ ચાખવા-તેને હવે, આવ્યો છે તો ભરી લે આંખોમાં ઠાંસી ઠાંસીને! નિહાળી લે તેનાં સ્થૂળ ને સૂક્ષ્મ-બાહ્ય ને આંતર સ્વરૂપને-ધારી ધારીને 'અંદર'નાં ચક્ષુથી, ને ગોઠવી દે તેના પ્રકાશને ત્હારાં ચિત્તપ્રદેશમાં ચતુરાઇથી!

પ્રગટાવી દે તે મૂર્તિને
अंदर ने बहार!"

ફરી સાંભળીને વિમાસણમાં પડયો હું. ગણગણ્યો મનમાં: "થઇ શકશે મ્હારાથી?" પ્રતિમા વિશાળ હતી: મહા પ્રતિભા-શાળી હતી. કલ્પનાથી કૈંક સ્હમજી શકું, પણ દુનિયાદારીનાં આ બધાં 'રગડાં'થી ખરડાયલા ચિત્તમાં એ સુંદર પ્રતિમા સહેજે સમાય તેવી ન્હોતી. મૂર્તિના ચિતરનારે તો પીંછી પકડતાં પહેલાં 'મૂર્તિમય' જ બનવું જોઇએ, તેના જ રંગો પામીને પછી તેને જ પ્રેમથી 'અર્પવા' જોઇએ: એ બધું ક્યાં?

મૂર્તિ તો સ્વબળે ઘડાણી, પણ ચિતારો પોતાની તરફ તરસ્યા ભાવે નજર નાંખે છે ત્યારે સમજાય છે કે-મૂર્તિને પધરાવવા માટે મંદિરના મૂળ 'પાયા' જ હજુ નંખાયા નહોતા! ત્યાં કઇ રીતે એ મૂર્તિની ભાવોલ્લાસથી હું 'પ્રતિષ્ઠા' કરું?

મૂર્તિના તેજપૂંજને ઝિલવાની ભૂમિકા તૈયાર કરું, તેની પૂરી 'જયણા'પૂર્વક થોડીક વિચારણા કરું, અને તેનાં તેજ-પૂંજને ઝીલવાની કૈં તાકાત કેળવાય-ન કેળવાય...ત્યાં તો ફરી કો'કનો આદેશ અંતરમાંથી છૂટયો:

"સંપૂર્ણતાની લાલસામાં, મૂર્ખ! યુગોના યુગો વિતશે, તો અપૂર્ણતા તો આજે જ થોડીઘણી 'મ્હાણી' લેને! બહુ ભૂખ લાગી છે તો નર્યા લાડુનો જ આગ્રહ ન શોભે, સામાન્ય ભોજનથી પણ ચલાવી લેવું ઘટે. ચિતારા! આવડે તેવું આદરી લે! આધ્યાત્મની દુનિયામાં, વસ્તુ નહિ, 'ભાવ'ની કિંમત છે: સમાવી લે ચક્ષુમાં જ, ને ઉતારી લે કાગળ પર કળાથી તે ચિત્રને! મૂર્તિ સાથે 'એકતાનતા' સાધીશ તો મંદિર તો ભલા! આપોઆપ 'અંદર' ઊભું થવાનું જ છે, તે સ્વયં મૂર્તિ જ મંદિરને બાંધશે: માટે અંદરનું અંદર બંધાવા દે, ને બંધાયા પછી તેનું 'શિખર' બહાર ચમકશે. થડકીશ ના! ચિતારા, લે કલમ હાથમાં આત્મવિશ્વાસથી!"

અને....જરા શ્રદ્ધા આવી, પરંતુ કૈંયે બાહ્ય તૈયારી કરું તે પહેલાં, આશ્ચર્ય થાય તેવી અચાનક અડતાલીસ કલાકની રસસમાધિ લાગી.

અહો ! વચમાં ક્યાં ગયો હું ?
"શું થયું"...ખબર નથી :
જાગીને જોઉં છું તો દેખાયું-તૈયાર થઈ ચૂકેલું—
અત્તરનું પૂંભડું બની વાતાવરણમાં બધે સુવાસ ફેલાવી રહેલા

' એક સાધુપુરુષ–'ચિત્રભાનુ'નું

આ

એક આછું

'रेखाचित्र' : A Pen Picture !

❀

દિલના રંગોની 'મિલાવટ' કરી પ્યાલીઓ તૈયાર કરું-ન કરું, પીંછી હાથમાં પકડું–ન પકડું, ને ચિતરવાની બીજી 'સજાવટ' કરું–ન કરું...અહો ! એ સુખદ સ્મૃતિઓનું એક સુંદર મ્યુઝિયમ અંતરમાં વ્યવસ્થિત રીતે ગોઠવું, ન ગોઠવું–ત્યાં તો રસસમાધિમાં ઊંડે ઊતરી જતાં આ બધું 'આંતરિક' પ્રેરણા ને ઠંડી સ્વસ્થતાથી લખાઈ પણ ગયું !

કઇ 'શકિત' તેની પાછળ હશે ?

પોતાના બાળકના ચહેરા પર જે કુદરતી વહાલ, માયા ને 'મમતા'થી જગતની માતાઓ હાથ ફેરવે–તેવા જ બલ્કે તેથી વિશેષ મમતાભર્યા ભાવથી મેં 'રેખાચિત્ર' વાંચવું શરૂ કર્યું, ને આવી પડ્યું એક 'અભિમાન : "મેં લખ્યું !"

ત્યાં જ અવાજ આવ્યો અંતરમાંથી: "ત્હેં શું લખ્યું રે પાગલ! તું તે કોણ વળી ચીતરનાર? મજાલ શી ત્હારી? રંગો ને પીંછી તો હજી એમ જ પડયાં છેને! કોણે હાથમાં લીધી પીંછી ને માર્યા એ 'લપેડા'!...

સામે હતું એક ચૈતન્યભર્યું માનવતાનું 'મૉડેલ'! તેણે જ રંગોને નવરંગ આપ્યા; તેણે જ પીંછીને 'કુમાશ' ધીરી; તેણે જ ચિતારાને જાગૃત કર્યો! અને પછી એ ત્રણેના ઐક્ય કહો કે 'તનમનાટ'માંથી ચિત્ર આપોઆપ સરજાઈ ગયું-ચિતરાઈ ગયું. ચિતારા! 'ત્હેં' નહિ, પણ, ખલીલ જીબ્રાનની ભાષામાં કહું તો-"ત્હારી મારફત ચિતરાયું કહેજે!-'જો' તું કળાની A. B. C. D. પણ જાણતો હો તો!"

અને અવાજ આવ્યો વધુ:

"જાણે છો, આ બધી આછીપાતળી 'રેખાઓ' કોણે ઉપસાવી? ત્હેં? શું 'ત્હેં'? ના, ના, ગમાર, સાંભળી લે! હજારો શ્રોતાઓની લાગણીના 'ધબકારા'થી જ એ સ્વયં ઉપસી આવી છે. જેમ ત્હેં નથી ઘડી એ ચેતનભરી પ્રતિમા, તેમ નથી ચિતર્યું 'ત્હેં' આ ચિત્ર: પણ રચાણું છે ત્હારી 'મારફત'જ ફક્ત! ત્હારી કૃતિ નથી પણ છે એક પ્રતિકૃતિ! એટલુંજ સત્ય.'

હું સાંભળીને ચૂપ રહ્યો.

❀

**થોડુંક અંગત** કહેવાનો અધિકાર હોય તો કહી દઉં-ભેગાભેગું!

આ સો દિવસો મેં કેમ વિતાવ્યા હશે? ને ચિત્તપ્રદેશની અંદર છાનું છાનું–Unconsciously કેવી રીતે આ 'રેખાચિત્ર' તૈયાર થતું ગયું હશે? કહું?

જાપાનમાં હતો ત્યારે એક બે બ્હેનોના પત્રોથી તે સાધુપુરુષનો થોડોક પરોક્ષ પરિચય થવા પામ્યો, ને તેમાંથી પ્રત્યક્ષ 'કયારેક મળશું' એવી ભાવના જાગી. મળ્યાં, ને પ્રથમ દર્શને જ જે સુંદર ને સ્વચ્છ છાપ મ્હારાં મન પર પડી તે સમયે મ્હારા લખેલા પત્રોની નોંધ મેં બાર માસ જાળવી રાખી-તેમાંથી થોડાક ફકરાઓ અત્રે અસલ સ્વરૂપમાં જ પહેલાં ઉતારી લઉં :-

..."કેટલાક નવા પરિચયો માનવીને અજબ રસસમાધિમાં ધકેલી મૂકે છે. ઇચ્છા હોય કે ન હોય, પણ તેને જવું જ પડે છે આવું કૈંક મ્હારે માટે બન્યું..." 'સપાટી' પરનાં ભરતી- ઓટ જોવા કરતાં અંદરનાં સાગરજીનું 'મીઠું દર્શન' મેં કર્યું, ખૂબ આનંદ થયો. મ્હારા દિલના ભાવો વધુ સમય મળ્યે જણાવીશ. આજ તો એટલું જ કે: ઊંડાણમાં 'સૂતેલું' સ્વપ્ન પોકારે છે કે જો મ્હને બહાર ખેંચી કાઢવાની ખરી ઇચ્છા જ હોય તો તેને 'ચૂપકીથી' ખેંચી લેવું જોઇએ–જેમ મીઠી ચીજ 'સ્હેજે' મીઠાશમાં બદલાઇ જાય તેમ! પણ 'સંપૂર્ણતા' જે સ્વપ્નને સંપૂર્ણતાથી ભરી શકતુ નથી તેને 'ખાલી' સ્વપ્ન તે કેમ કહેવાય? માની જ લેવું રહ્યું કે તે

ખરેખર સંપૂર્ણતાનો 'આત્મા' છે. આવું કંઈક સ્હમજાયું.

...."પહેલા મિલનનું ઊંડાણ હજી માપી શકયો નથી, તે 'ઘેન' તો ઊતર્યું નથી—ત્યાં એ મિલનને ય ટપી જાય તેવા આપના એક પત્રે વળી ઓર જિજ્ઞાસા જગાવી છે. એક નાની શી સમસ્યા ઊભી થઇ છે તે કહું? "રૂબરૂ મળ્યા કરું ને 'તૃપ્તિ' પામું કે પત્રો વાંચીને?" આમાંથી કંઇ નકકી થતું નથી હજી, છતાં આટલું તો સ્હમજાયું છે કે—જે ફૂલનું વજન—કહો કે, આખા ફૂલનું વજન તેની 'પાંખડી' કરતાં ય હલકું હોય તેને ભલા! ફૂલ તે કેમ કહેવાય? તે ફૂલ નહિ, ફૂલની 'સુગંધ' છે. તેમ જ જે સંદેશો લાવનાર, જેના સંદેશ કરતાં ય પાવરફુલ હોય તેને સંદેશવાહક તે કેમ કહેવાય? તે તો સંદેશનો આત્મા—સંદેશનો 'પિતા' જ; અને જે મોજાં સાગરની 'મસ્તી'ને ઓર ખીલવે તેને 'કેવળ' મોજું કહીને જ કેમ બેસી રહેવાય? તે તો સાગરનાં પ્યારા બાળકો: માતાની છાતી પર બેસી રમતા 'દેવદૂતો' જ! આટલાથી ય આપના પત્રનું ખરું 'મૂલ્યાંકન' થશે?

"...એ ચમકતી રેતી ભલે ચમકતી હોય, પણ હશે જો તે રેતી પ્રાણહીન, 'મૂડદાલ' શી; કદિય ઇચ્છશે નહિ કાળાંતરે ય પણ...કે...કોઇ પવિત્ર

યાત્રિકનાં પગલાં તેની કાયા પર પડે! અને બીજી બાજુ...જો હશે તે 'જીવનસંગ્રામ'નો બહાદુર ગૌરવશાળી યોદ્ધો–'ખરો યાત્રિક', તો પસંદ નહિ કરે તે પણ કદિ ય પગલાં પાડવાનું કોઈ પ્રાણહીન રેતી ઉપર! 'કારણ' પૂછશો ના! પ્રાણ–થનગનતું 'ચૈતન્ય' એ જ બેયનાં 'સંગમ'ની જરૂરિયાત છે. 'થનથનાટ' એ ઉત્તમ સંતતિ ચાહનાર દંપતી વચ્ચેની પહેલી ને છેલ્લી 'શરત' છે...બાકી તો જેવા તેવાના મિલનથી મૂડદાં જ પાકે-ભૂતો મળે, દેવો નહિ–'દૈવત્વ'ની તો આશા જ શી? આપણું મિલન 'દિવ્ય' બનો એ જ ભાવના.

.."અને તેમાં ય હજારોમાંથી એકાદ 'લાલ'ને સુંદર વિચારસમૃધ્ધિની મહામોલી ભેટ મળી હોય ત્યારે તો એ ખજાનો ઓર વધારે 'સુગંધી' બને છે.

"...બોલો! છો તો આત્માનંદમાં ને?" આટલા ટૂંકા સવાલમાં આપે ઘણું ઘણું પૂછી લીધું, ને મ્હને વિચારગુફામાં ઊંડો ધકેલી દીધો. જવાબ–વ્યવહાર-દ્રષ્ટિએ 'હા'માં આપું તો તે 'અર્ધસત્ય' હશે–જે કદાચ અસત્ય કરતાં ય વિશેષ ખોટું ગણાય, અને 'ના' પાડું તો તેવું લખતાં મનને જરા ય રુચતું નથી. બેધડક છાતી ઠોકીને 'હા' પાડી શકાય તો કેવું સારું! આ સૌભાગ્ય આપને હશે, ને તે દ્રષ્ટિએ જ આપનો

સંગ સાધ્યો છે. મીણબત્તી જ બની રહી ઓગળી જવાને બદલે પ્રકાશની ઝળહળતી 'મશાલ' બનવાની પ્રેરણા મળે તે જ તૃષા છે. કદિક છિપાશે! એ તૃષા છિપાય કે ન છિપાય પણ તૃષા તો કાયમ રહે તો ય ઘણી 'કમાણી' માનવાની રહે.

..."બાકી તો સ્મૃતિના પ્રદેશમાં અનેક નવનવી સ્મૃતિઓ ખડકાયે જાય છે. જેને કદિક આકાર મળે છે, ને કદિક તે નિરાકાર જ રહી જાય છે. આકાર પામેલી સ્મૃતિઓ કરતાં નિરાકાર રહેલી સ્મૃતિઓમાં કૈં ઓછું સત્વ નથી હોતું; ઊલટું 'આકાર'નાં ચોકઠાંમાં બંધાવાની ના પાડીને તે વિશેષ પાવરફુલ બને છે. આ નિરાકાર સ્મૃતિઓને સ્મૃતિ કહેવા કરતાં આત્માની કિંમતી 'પેદાશ' જ માનવી ભલી.

..."માનવીની નજીકમાં નજીક જે ઊભેલું છે તે તેનું પોતાનું મીઠું સ્વપ્ન જ છે, ને તેથી ય વધુમાં વધુ નજીકમાં ઊભું હોય તે ખાલી સ્વપ્ન જ નથી રહેતું, પણ કોઇ ભવ્ય 'દૈવી' Vision જ બની જાય છે. આપણા જીવનમાં આવા કૈંક માનુષી ને દૈવી સ્વપ્નાંઓ પડકારતાં ઊભાં હોય છેઃ કેટલાંક ફળે છે તો કેટલાંક મૃગજળ જેવાં!...પણ મ્હને એક વાતની ખાતરી છે કે જ્યાં ઝરાઓ ખળખળ વહેતા હોય ત્યાં સદાય જડતાની 'ગેરહાજરી' જ હોય. છતાં ય કો'કને કદિ ત્યાં જડતા

દેખાય તો સ્હુમજી જ લેવું કે-ઝરાના આત્માનો સ્પર્શ થવો હજી બાકી જ છે!

..."અનંતના આનંદ પ્રતિ પળભર પણ દોરાવામાં જીવનનું કેટલું બધું 'સાફલ્ય' છે—તે તો અનુભવે જ ખબર પડે: એ "સ્વાદ"નો વિષય છે, બુદ્ધિનો નહિ. આવી થોડી તૃષા તો છે જ, એટલે તે મીઠી 'પરબડી' યાદ આવે છે.

"અને જે મિનારો પોતાના જ નકકર પથ્થરોથી ઊંચો બન્યો છે, તે બહારના કોઇ ગમે તેટલા સારા રંગીલા પથ્થરોથી ઊંચો થવામાં માનતો જ નથી."

❀

**પ્રથમ મિલન** કહો, કે પ્રત્યક્ષ મિલનનાં ટૂંકા પરિચય પછી, પત્રો રૂપે તુર્ત લખાયલા આ ભાવો દિવસો સુધી મ્હારા મનમાં રમતા રહ્યા: વિશેષ પરિચયની 'સ્પૃહા' જાગી: અને પછી?

કૈંક નવી 'હિમાલયન' હવા માટે મનનાં બધાં 'વેન્ટીલેશનો' ઉઘાડી નાંખ્યાં! હૃદયનાં બારણાં 'ખુલ્લાં' રાખી એ સાધુપુરુષ ચિત્રભાનુ કે જેમણે જીવનને ખુલ્લાં ચક્ષુથી જોયું છે, ને જીવનનો મર્મ ઊંડાણથી વિચાર્યો છે; તેમની સામે દિવસોના દિવસો સુધી જાહેરમાં બેસીને એકચિત્તે તેમનાં 'ભાવુકતા'થી ભરેલાં, સરળ ને સાદાં છતાં જીવનસ્પર્શી, જ્ઞાનયુકત પ્રવચનો સાંભળ્યાં કર્યાં, બધા શ્રોતાઓનાં જ્ઞાનતંતુઓ તેને ઝિલવા શા માટે આટલાં ઉત્સુક

બને છે તે શાંતિથી જોયું, ચિત્તપ્રદેશ પર થતી તેની સૂક્ષ્મ અસરો અનુભવી, બીજાઓ સાથે સરખાવ્યાં, તેમની ભાષા, ભાવો, શૈલી, છટા ને તે બધાંની પાછળ છૂપાયલાં ઊંડા ઊંડા 'સાયકોલૉજીકલ' તત્વની ખૂબીઓ પિછાની; અને આવાં જ્ઞાનયુક્ત પ્રવચનોથી પ્રત્યેક શ્રોતાના વ્યકિતગત જીવન તથા સામુદાયિક જીવન પર પડતી અસરો, ને તેનાં સીધાં કે આડકતરાં પરિણામો વિચાર્યાં: આખરે એક આનંદની 'લહરી' દિલમાં છવાઈ ગઈ, ને મનમાં બોલી ઊઠયો:

"ખરેખર! ત્રિવિધ તાપથી સંસારમાં બળી જળી રહેલા—તનના ને મનના—આ બધા માનવ 'દરદી'ઓની આત્મશાંતિ માટે કોઇ કુશળ ધનવંતરીની જરૂર છેઃ આજે સર્વત્ર કરમાઈ રહેલા માનવછોડને જ્ઞાનજળ સીંચી—જતનથી ઉછેરી, દિવ્યતાના રંગોથી ઓપનાર કોઈ 'સંજીવની'ની સૌથી પહેલી જરૂર છે."

માનવછોડને દિવ્ય બનાવનાર કિમિયાગર જોઈએ!

**યશોધન** 'चित्रभानु' પર નજર ઠરી. વધુ પરિચય માટે પછી તો એકાંતમાં મળ્યો; જરા પાસે...વધુ પાસે ગયો: વળી સ્પષ્ટ ચિત્ર ઉપસાવવા માટે મ્હારા માનસિક 'લેન્સનું ફોકસ' મેળવીને જરા દૂર જઈ મેં નિહાળ્યા—અંદર ને બહારનાં ચક્ષુથી! વિવિધ 'એંગલ'થી, જુદાં જુદાં દ્રષ્ટિકોણથી, જુદા જુદા 'પોઝ'માં દર્શન કર્યાં—એ ચિત્રમાં યોગ્ય 'શેઇડો' પૂરવા! આમ એક ચિત્રને ન્યાય દેવા ખાતર મેં વિવિધ રંગોનું 'મેચીંગ' કરવા શક્ય તેટલી કાળજી લીધી.

ચોમેર જ્યાં જીવનકલહની ભયંકર મારામારીઓ આપણી આસપાસ ચાલી રહી હોય, તેવી 'તડફડાટ'થી ખદબદતી દુનિયા વચ્ચે એક મૂર્તિમંત સરળતા ને સ્વસ્થતા જોઈ દિલમાં પ્રસન્નતા આવી. ઉષઃકાળની સુંદર તેજછોળો જેવું, ચંદનવન સમું મ્હેકતું એ જીવન જોઈ હૃદયમાં મધુરતા અનુભવી.

આ 'મૉડેલ' માનવીને કૈંક નવું આપે છેઃ છે તો એકની એક વાત, પણ કળાથી શ્રોતાને રુચે તેવી મધુર સ્ટાઈલથી પીરસે છે-એમ સ્હમજાયું, ને સ્હમજાયું તેવું જ આંખમાં હસીને ભરી લીધુંઃ ચિત્તમાં તેના પડઘા પડયા.

પછી તો, એક 'અણઘડ' કારીગર હોવા છતાં-કોઈ કુશળ કળાકારની મિથ્યાભિમાની 'છટા'થી-મેં એક ન્હાનું સરખું પિંછડુ હાથમાં લઈ જોયા જ કર્યું! જોયા જ કર્યું 'સર્વસમાન-ભાવે' તેમના ચ્હેરા પર!

જોયું, In the most happy frame of my mind....મેં જોયા જ કર્યું!

અને જોયાં...ન જોયાં...ત્યાં તો પ્રતિકારમાં ચિતરાઈ ગઈ આ પ્રતિમા......પ્રતિકૃતિ!

બીજી રીતે કહું તો, મારા Subconscious-આંતર-ચિત્ત પર પડેલા સંસ્કારો-એ Tapping મશીન પર રેકૉર્ડ થયેલા ભાવો-અહીં ફકત Play-Back થઈ ગયાં! દિલમાં

વવાયલું બી વૃક્ષરૂપે ખીલીને માત્ર પ્રતિબિંબ પામ્યું !

❀

**લાગે છે** કે મ્હારાપણાનો દાવો કરી શકું તેવું 'મ્હારું' આમાં 'કશું' જ નથી. મેં તો ફકત હજારો ભાવિકજનોનાં ફળરૂપ દિલમાં 'વસેલાં' ચિત્રને થોડાક રંગો દીધા છે, સેંકડો શ્રોતાઓના માનસિક પ્રવાહને આછો 'વેગ' આપ્યો છે, અને કેંકનાં અંતરની મૂંગી લાગણીઓને થોડીઘણી વાચા 'ધીરી' છે.

આ તો ખરેખર, અનેકના અંગત આંતરિક અનુભવોનો માત્ર મંજુલ પડઘો જ છે: બાકી હું તે ભલા !

**આ 'મધ'માં મીઠાશ શી 'ઉમેરું ?'**

I have pictured here
only as I felt about him.

★

જ્ઞાનગંગાનું પાન કરવા નીકળેલા અનેક જીજ્ઞાસુ યાત્રિકોની શુભ ભાવનાઓનું આ એક મંગલ 'પ્રતીક' માત્ર છે......પ્રતીક !

અને મેં તો માત્ર 'મસ્તી'થી

'ગુણથી ભરેલાં ગુણીજન દેખી
હૈયું મ્હારું નૃત્ય કરે!'

ગાન જ 'લલકાર્યું' છે.

૧-૮-૬૧
કાલબાદેવી
મુંબઈ

# મુનિરાજ તો એવા ગમે

( ૧ )

પગલાં પડે, કુંકુમ જડે; વચનો સરે, ફૂલડાં ઝરે,
પ્રતિભા અને ગૌરવતણી, વીજળી વડે આંખો ભરે;
શાંતિ અને મૃદુતા થકી, મુજ હૃદયના સ્વામી બને,
ભદ્રભાવી, મસ્ત એ, મુનિરાજ તો મુજને ગમે.

( ૨ )

જેના લલાટે બ્રહ્મ-ઓજસના, ચમકતા તેજ છે:
ને આંખ તો અમૃતભરી, બે નાનકી શી સેર છે.
મુખથી મધુ પીતાં કદી નહિ તૃપ્ત થાયે આતમા,
ભદ્રભાવી, મસ્ત એ, મુનિરાજ તો મુજને ગમે

( ૩ )

સંસારના વંટોળિયાથી દૂર જેનો વાસ છે,
ક્લેશો, પ્રપંચોમાંય જેનું મુકત એવું હાસ છે;
"હું" અને "મારું" વળી, લવલેશ જેને ભાન ના,
ભદ્રભાવી, મસ્ત એ, મુનિરાજ તો મુજને ગમે.

( ૪ )

રસ પ્રેમ ને અમૃત ભરે, આ શુષ્ક માનવ જીવનમાં,
ને પ્રેમની પિચકારીઓથી હૃદયને જાગૃત કરે;
હર્ષઘેલો હું બનું જેના પ્રથમ જ દર્શને,
ભદ્રભાવી, મસ્ત એ, મુનિરાજ તો મુજને ગમે.

# પવિત્ર કલ્યાણ ઝરણું

## મૈત્રી ભાવના

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.

## પ્રમોદ ભાવના

ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોના ચરણકમલમાં, મુજ જીવનનું અર્ઘ્ય રહે.


## કારુણ્ય ભાવના

દીન, ક્રૂર ને ધર્મવિહોણા, દેખી દિલમાં દર્દ રહે,
કરુણાભીની આંખોમાંથી અશ્રુનો શુભ સ્રોત વહે.

## માધ્યસ્થ ભાવના

માર્ગભૂલેલા જીવનપથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની, તોયે સમતા ચિત્ત ધરું.
'ચિત્રભાનુ'ની ધર્મભાવના, હૈયે સૌ માનવ લાવે,
વેર-ઝેરના પાપ તજીને, મંગલ ગીતો એ ગાવે.

## शिवमस्तु सर्व जगत :



જ્ઞાન

દર્શન ચારિત્ર

The song within song
can be called a soul,
The soul within soul....
a song of eternal beauty,
bliss and Joy !

☆

IF
you wish to change
a S t o n e
into a 'Touch-stone',
M a k e i t
l i g h t e r.............
l i g h t e r.............
t h a n
a 'T o u c h' i t s e l f !

## કલ્યાણયાત્રી
## શ્રી ચિત્રભાનુ

★

A SAINTLY TOUCH OF SOFT,
GENTLE, PLEASENT WHISPERING!

अधरं मधुरं वदनं मधुरं, नयनं मधुरं, हसितं मधुरम्
हृदयं मधुरं, गमनं मधुरं, मधुराधिपतेरखिलं मधुरम्।

वचनं मधुरं, चरितं मधुरं, वसनं मधुरं, बलितं मधुरम्
चलितं मधुरं, भ्रमितं मधुरं, मधुराधिपतेरखिलं मधुरम्।

★

જોયો છે કદી, નરી મધુરતાનો ખળખળ વહેતો 'ઝરો'?
જ્યાં જ્યાં ધસતો ત્યાં ત્યાં જીવનને ફળદ્રૂપ બનાવતો,
જિંદગીની બધી કટુતાને મીઠાશથી પિગળાવતો,
પંથના પ્રવાસીઓમાં શીતળતા ને પરિમલ પ્રસરાવતો!

★

આવો ! કાળગંગાના પ્રવાહમાં પડેલાં આપણે,
એવા એક મીઠા ઝરાનું દર્શન કરીએ !
જોઈ શકો છો...એને ?
અહો ! તેની હાજરી માત્ર પણ કેવી ફેલાવે છે નવી 'હવા'!
પથ્થરોને ય ભેદીને વહેતાં તેનાં જ્ઞાનઝરણાંઓ,
કેવી બક્ષે છે સૌને શીતળતા ને સુંદરતા!
જાણે કે શ્રોતાનું દિલ સભર ન બનતું હોય,
ખાલી હૃદયમાં જાણે જ્ઞાનનો પ્રકાશ ઊભરાતો ન હોય!
પીધાં જ કરીએ...પીધાં જ કરીએ જ્ઞાનામૃત !
સાંભળ્યાં જ કરીએ કાળના સીમાડા ભૂલીને.
જાણે કે He speaks in our spirit.

★

ચમકતા એ તારા સમાં નિર્મળ 'ગહન' એ ચક્ષુઓ:
ચહેરા પર પથરાયલી શાંત, સૌમ્ય, મધુરી રેખાઓ,
વાણીમાંથી નિર્બંધ વહેતી વાત્સલ્યની અમૃત સરવાણીઓ,
ને ભાવિકોને શિરે 'વાસક્ષેપ' નાંખી,
હસીને હાથ ખંખેરવા જ જાણે ખાસ ઊછરેલો હોય એવો,
ખભા ઉપર ઝૂલતો કેશકલાપ !
આ છે 'चित्रभानु':-
સંત સમુદાયનું એક ચમકતું રત્ન.
માનવતાનું જીવંત પ્રતીક
વર્ષોનાં વિશાળ ચિંતન ને મનનથી જેણે
ઓપ આપ્યા છે જગતની કરમાતી સાધુતાને,

ને કોઈ અંતરના ગુપ્ત મહાચિત્રને
યત્ર, તત્ર, સર્વત્ર પ્રગટાવવા મથે છે
એક કુશળ કળાકારની છટાથી–
'જીવનફલક' પર પાવન પ્રકાશ ફેલાવતાં એ
બાળક શા સરળ હૃદયી સાધુ, મુનિશ્રી चंद्रप्रभसागरजी.

★

प्रियम्.......
पथ्यम्.......
सुंदरम्......
सत्यम्.......
રચાયું છે જેનું મોહક જીવન આ ચાર પાયા પર,
મંડાણું છે 'મહાલક્ષ્ય' જેનું જ્યોતિ પર,
તે સાગર શા ગંભીર ને ઊંડા,
આકાશ શા ઉન્નત ને પૃથ્વી શા વિશાળ વિચારક,
ને વહેતિયાણ નદીનાં નીર જેવા નિર્મળ,
બાળક શા નિર્દોષ, રમતિયાળ ને હેતાળ,
પ્રેમની વર્ષાધારાથી માનવતાનો પાઠ પઢાવતા,
સાધુતાના શીતળ જળથી સૌનાં દિલને ઠારતા,
મોહક વ્યક્તિત્વથી સૌ કોઈના દિલને આકર્ષતા,
ને હૃદયંગમ, મોહક, રસભરી વાણીથી
સંસારીઓનાં તપેલાં ને દાઝેલાં–
વિષમ જીવનમાં અનેરી 'શાતા' રેલાવતા,
જ્ઞાનસમૃદ્ધિથી અનેક શ્રોતાને સમૃદ્ધ બનાવતા

તે ઉન્નતજીવી સાધક : ઉચ્ચ ધ્યેયલક્ષી પુરુષ :
જીવન સાધનાને પંથે સડસડાટ ધસી રહેલા—
સરળ સ્વભાવી પ્રકૃતિમાં રાચતા,
વ્યક્તિ અને સમષ્ટિને ઊંડાણથી નિહાળતાં,
ચિત્રભાનુનું આછું રેખાદર્શન કરીએ.

★

'કાના-માતર' વગરના સામાન્ય 'જન'—
જે વિકાસના પંથે ધપતાં ધપતાં બને છે જૈન,
જ્ઞાન ને ક્રિયાની બે માત્રા ે સજી
રાગદ્વેષ જીતવા નીકળ્યા છે તે જૈન :
તે જૈન સાધુ ચિત્રભાનુનું ચિત્ર નિહાળીએ,
તેમના જીવનસાગરનાં અમૃત-બિંદુઓનું પાન કરીએ.

★

**અહો !** એ ત્યાગીમાં કેવી 'રંગીલી' રસગંગા વહે છે !
સંયમની સાથે મળી છે સૌંદર્યની નિર્મળ દૃષ્ટિ.
નથી ક્યાંય વાનવગડાના તાપ કે
નથી ભાસતી ક્યાંય શુષ્કતા કે મરુભૂમિની નિર્જળતા.
એનામાં તો ભરી પડી છે ફૂલવાડીની મઘમઘતી ખુશબો,
સભર ભરી છે જીવનની હરિયાળી.
વિદ્વત્તા સાથે ખીલી ઊઠી છે વિનયની સૌંદર્ય-મંજરી,
સંસારનાં દૂષણો વચ્ચે કેળવી છે એમણે નરી હંસવૃત્તિ.
ચાલો, એ પુનિત સત્ત્વનું આપણે કરીએ આજ મંગળ દર્શન.

★

Let us enjoy the precious hours of our life,
In the holy company of the saint
And feel that 'The life is worth living:'

★

પ્રબળ પ્રેમથી ઊભરાતા ને ભાવુકતાથી છલકાતા,
બુદ્ધિમત્તાથી ચમકતા ને આત્મવિશ્વાસથી શોભતા સાધુ:
ખારા સમુદ્રની જાણે મીઠી વીરડી,
સળગતા સંસારની જાણે એક શીતળ છાંયડી!
એમના પ્રથમ દર્શને જ લાગે છે કે
ભરી પડી છે એના જીવનમાં ટાગોરની ભવ્ય કવિતા,
વરસી રહી છે કો' ફિલસૂફની આકાશગામી ચિંતન-ઝરમર,
વિચારોની વિશાળતા સાથે સાંપડી છે સુંદર દ્રષ્ટિની વેધકતા,
તર્કશુદ્ધ જીવનપ્રવાસમાં ભળ્યાં છે હમદર્દીનાં કોમળ તત્વો.
ભાવુકતાના ભંડાર સાથે કેળવી છે ઉચ્ચ 'મસ્તી',
ગગનમાં ઊડવા છતાં ઠેરવ્યા છે પગો જમીન પર.
અનેક ઉચ્ચ ભાવો ને તત્ત્વોનો થયો છે ત્યાં સંગમ,
અનેક ભાવનાઓની માટીથી બંધાયું છે એ જંગમતીર્થ.
જાણે એમની દૃષ્ટિમાં એકલી સુંદરતા જ ભરી છે,
જાણે વિચારોને નરી અદ્‌ભુતતા જ વરી છે.
જાણે નરી મધુરતાનો લહેરાતો મહાસાગર,
જાણે વિચારશુદ્ધિનો ધસમસતો 'નાયગરા' જળધોધ.
પીધાં જ કરીએ....
જાણે નાહ્યાં જ કરીએ તેની સાનિધ્યમાં આપણે,

એવું જમાવે છે આકર્ષણ!
એ ધર્મનિષ્ઠ ચતુર પુરુષ
જાણે...આપણી માનવતાની, ધાર્મિકતાની ઊતરી ગયેલી-
ખલાસ થઈ રહેલી 'બેટરી'ને હલાવી, હલાવીને
કળાથી તેમાં નવી શકિત પૂરવાનું પુણ્યકાર્ય
આદરી રહેલ છે-પોતાના પવિત્ર જીવનના જોશથી.
માનવીના ઠરી ગયેલા આદર્શના આતશમાં
ભરે છે ખૂબ જ ખુબીથી આશાની ઉષ્મા,
જાણીએ કે ન જાણીએ, પણ એક વીજળીનો તણખો.
એક Marvellous spark આપી શ્રોતાઓને
જગાડે છે, એની 'અંદર' રહેલા તત્ત્વને ઢંઢોળીને!

★

એણે પરબ માંડી છે જીવનકાવ્યની
ખરી 'પ્યાસ હોય તે આવીને પીએ.
લૂભર્યા રણમાંથી ભાગીને બગીચામાં આવી ટહેલે!
'ઉજ્જડતા'માંથી ઊડીને ભરી ભરી વનશ્રીમાં મહાલે!
આવો, 'ધર્મલાભ'ની લહાણી થઈ રહી છે આજ છૂટે હાથે:
ચાલો, શિષ્ટતાપૂર્વક લૂંટીએ ને ધન્ય બનીએ:
પ્રાર્થીએ કે,

"अर्पी दे तुं एवुं साधक!
वने बधां तरबोळ,
जीवन सींची सुख सरजावे,
रोम रोम तव बोल.

સાધક ! આપી દે અણમોલ !
ઉપાસક ! આપી દે અણમોલ !"

આ કાવ્યમાં છે તેમના જીવનનું મહાસંગીત,
એમના સમસ્ત જીવનનો ભાવ-નિચોડ.
એ કલ્યાણયાત્રી નીકળ્યા છે 'મહાસાધના'ને પંથે,
રસ્તે મળતાં બીજા ભાવિકોને આંગળી ચીંધતા-
નવી જીવનદ્રષ્ટિ આપતા.

He is more concerned
With inward peace & beauty
Than exterior effect.

★

ખરો 'શ્રાવક' તો એ જ કે જે જાણે છે શ્રવણની સુંદર કળા,
ખરો વકતા તો એ જ કે જે જગાડે છે અંદરના માનવીને.
વકતૃત્વ, ઉત્તમ કળા છે જો વકતાની,
તો 'શ્રોતૃત્વ' શ્રેષ્ઠ કળા છે શ્રાવકની !
ચિત્રભાનુ મથે છે પોતાની મસ્તાથી ને મોજથી.
શ્રોતાઓની 'ભીતર'નાં સુંદર આંતરિક તત્ત્વોને સ્પર્શી જગાડવાં.
શ્રાવકો-શ્રોતાઓ પૂછી શકશે એકાંતમાં-
હિંમતથી પોતાના ચિત્તને કદીય....કે
કેટલી સાધી છે શકિત 'ઝીલવાની' તેમની વાણીને ?
ઝીલવા માટે પાત્ર બનાવ્યું છે સુવર્ણનું,
કે હજીય રહ્યું છે કથીરનું ?
સાધુતાનાં આંદોલનો ને ભાવો, હૃદય ઝીલે છે કે

હજી કેવળ ધૂળ ઉપર જ 'લીંપણુ' ચાલી રહ્યું છે?
જરા ઊંડાણુથી સાંભળીએ એમને–અંદરના કાનથી,
જરા નીરખીએ સર્વાંગી ચિત્ર, અંતરનાં ચક્ષુથી.

Beauty unveils its holy face to those
Whose hearts are beautiful,
Else none can see
Even the holy shadow of that Queen.

★

એ જ્ઞાનમસ્ત સાધુને જોયા છે?
યૌવન સુલભ થનથનાટ સાથે
વૃધ્ધોનું ડહાપણુ દાખવતા મુનિજીને?
જ્યાં જ્યાંથી મળે તે જ્ઞાન, શિષ્ય ભાવે સંચી લઈ
વિવિધ જ્ઞાન–પુષ્પોમાંથી સૌરભ ને રસ પામી
મધપૂડો રચતી મધમાખી જેવા–
ને મધનું છૂટે હાથે લહાણી કરનારા!
સરોવર જેવા શાંત ને તેના તરંગો જેવા અલ્પભાષી.
સમતા ને સરળતાનો સંગમ સાધી,
'હિમાચળ' જેવા બનેલા છે ગંભીર ને અડગ!
કલ્પી શકો છો–કેવો વસતો હશે પહાડી આત્મા
એ સુદ્રઢ ને સુડોલ ચહેરાની પહાડી કાયામાં?
તેની ચાલમાં કેવી ભરી છે કેસરીસિંહની ચપળતા!
ને ચપળતા પર મૂકાયલી છે મહાવીરની 'જયણા'ની બ્રેક,
શકિત ને સંસ્કારનો એમ થયો છે ત્યાં અજબ સંગમ!

વીરતા ને સાધુતાનું મોહક મિલન!
એમનો સુડોળ દેહ, વિચાર-સૌષ્ઠવથી પુષ્ટ બન્યો છે
કે વિચારગાંભીર્ય આ સપ્રમાણ દેહમાંથી ઘડાયું છે?
બન્નેનો મેળ ત્યાં અજબ જામ્યો જણાય છે.
શાંત, સૌમ્ય, ને ગહન સંસ્કારિતાભર્યું વ્યક્તિત્વ
તેમની સાધુતાને મહાનતાના ક્રમશઃ ઓપ આપી રહ્યું છે,
કૈંક રંકાને બંકા બનાવતી ચતુરાઇથી મહેકી ઊઠ્યું છે.
અપવાદો સિવાય,
મહા તપસ્યા કરનારા તપસ્વીઓ સિવાય,
કહો! પ્રગટી છે ક્યાંય આવી મહત્તા,
કોઈ માંયકાંકલા....નિસ્તેજ શરીરમાંથી?
નહિ! નહિ! મહત્તા તો નહિ જ પણ
માંદલા ને માંગાપણાનાં 'જંતુ'ઓ જ ફેલાય ત્યાંથી–
એ સમજીને ચમકાવે છે...સર્વત્ર
શરીર ને વાણીનું અમૃત ચિત્રભાનુ,
તપ, સંયમ, સાધનાના અજોડ 'ઓજસ'થી.

★

સમતા, શાંતિ, ધીરજ, મીઠાશ ને અડગતા;
એ બધાં એક મહા'શક્તિ'નાં જ ચમકતાં સંતાનો છે;
સાધુતાને ઓપ આપે તેવાં રૂપાળાં
બ્રહ્મચર્યનાં એ ગૌરવશાળી ફરજંદો છે.

## જીવન પ્રતિભા

એમના ચહેરા પર છે કેટલી બધી નિઃસીમ શાંતિ ને સરળતા!

ક્યાંય ઉશ્કેરાટ, ઉકળાટ કે ગભરાટનો સ્પર્શ નહિ,
ચહેરા પર વસેલું છે વાત્સલ્ય ને મધુરી રેખાઓ,
જગાવે છે પ્રેક્ષકોમાં એક મહા 'ક્ષુધા' નિકટના સહવાસની.
એ મુખાકૃતિમાં કેવા કેવા મીઠા ભાવો ભર્યા છે,
ને એ ભાવો પાછળ કેવી છૂપાયલી છે આંતરિક ભવ્ય દુનિયા!
સુખ, શાંતિ ને સમૃદ્ધિનો જાણે રાજવી !
દુઃખનો ક્યાંય લીસોટોય કરવા જેવી જગ્યા ખાલી નહિ,
કે કયાંય 'જીવન-ગરીબી'નો પડછાયો ય નહિ;
જાણે સર્વે પ્રકારની-સ્થૂળ ને સૂક્ષ્મ-
દુન્યવી ને આધ્યાત્મિક સમૃદ્ધિનો રાજવી ન હોય તે!
ચહેરા પર બેઠું છે એવું અચળ 'તૃપ્તિ'નું અમૃત,
જાણે થઈ ચૂકયાં છે, બધા જીવનપ્રશ્નોના
એના દિલમાં સંપૂર્ણ 'સમાધાન',
પહાડી આત્મા જાણે બેઠો છે બાદશાહી ગિરિશૃંગે,
ખુલ્લી હવાના નિર્બંધ વાયરાઓ વચ્ચે, નીડર !
જીવન તેમનું છે નિર્મળ, પારદર્શક
ને એ જીવન જીવે છે નિર્ભેળ પ્રામાણિકતાથી.
જીવન જીવતાં એમને આવડે છે
ને ખુલ્લાં મૂકી દીધાં છે સૌ જ્ઞાનપ્રકાશનાં દ્વારો.
નથી જોઇતી ક્યાંય ભેદભાવની દીવાલો એમને,
મૂંઝાયલી માનવતાને, એ બક્ષે છે નવી હવા ને અનેરી દવા.
એ ઉદ્‌બોધે છે :
Kindness is better than all brilliancy—

ને તેથી સાંત્વન આપે છે જગતને માયાળુ શબ્દોથી.
As if he treats the wound,
And then nature heals it.

## ચક્ષુના ચમત્કાર

એ સાધુનાં ચક્ષુઓમાં શા શા ભાવો ઊભરાય છે?
અંતરિક્ષ સાથે મેળ સાધતાં ચક્ષુઓ
જાણે શ્રોતાના અંતરનું માપે છે પ્રેમથી ઊંડાણ–
સહાનુભૂતિની ઉષ્મા આપીને.
ઘડીક ઘેનભરી, ઘડીક મસ્તીભરી,
ઘડીક વેધક તો ઘડીક વિનોદ કરતી,
ઘડીક ફિલસૂફીના ગહન પ્રદેશમાં વિચરતી,
તો ઘડીક બાળક શી રમતિયાળ!
એમની આંખોમાં શ્રદ્ધાનું છલોછલ 'તેજ' છે,
અજબ ચમત્કારી તત્ત્વો છે,
વ્યવહારનું ડહાપણ ને યોગની ઝલક છે.
માનવતાનો મહેરામણ ગાજતો દેખાય છે,
જ્ઞાનનું સ્મિત ને સાધુતાનું ટપકે છે સંગીત.
સૂતેલા હૈયાને ઢંઢોળી જગાડવાની શક્તિ ભરી છે એમાં,
તોફાની વાયરાને શાંત કરનારી છે સમતા;
કોઈ ઊંચેરી કળા, રસિકતા ને માનવતા–
આ ત્રણેનો ત્રિવેણી સંગમ:
જાણે એમનાં ચક્ષુઓ સાધતાં ન હોય!
દેહની વિવેકભરી તપસ્યા સંગે નીતરતું હોય છે

'વચનગુપ્તિ' ને ભાષાસમિતિનું તેજ તે ચક્ષુમાંથી:
ઊંડી સમજ, ધીરજ ને દિલની વિશાળતા
વાંચી શકાય છે એ ચક્ષુઓના ઊંડાણુમાંથી,
ને જીભનું કૈં કૈં કામ પતાવે છે તેમનાં ચક્ષુઓ.
તે માગે છે સૌનાં હાસ્યમાં ચિત્તનો આહ્લાદ,
ને આંસુમાં દિલનો વિષાદ: તે વિના બધું વ્યર્થ !

*

Sometimes his silence
Is more eloquent than speech,
Because, he lives from within.
આ ભાવો, એમનાં ચક્ષુ નિરંતર વહાવે છે.
દેહનો મરોડ, ચહેરાની રેખાઓ ને ચક્ષુના ભાવો
બોલાયલી વાણી કરતાંય કેવું સ્પષ્ટ સમજાવે છે !
જીભની વાચા કરતાં ય કૈંક ગણી વધુ કથા
તે ચક્ષુઓ આપણને સંભળાવી જાય છે મૌનપણે.
છતાં માનવી ભૂખ્યો જ રહે છે એમની વાણીનો,
સદાનો તરસ્યો-એવું છે એમાં અજબ લાવણ્ય.

## પ્રવચનની પૂર્વે

સંતવાણીના શીતળ ધોધમાં વહેતા પહેલાં, સબૂર !
સુખ, શાંતિ ને જીવનકલ્યાણ ચાહનારા,
ઉન્નત પથના પ્રવાસીઓ-શ્રોતાઓ !
સબૂર ! સાંભળો જરા 'મૈત્રીભાવના'નો કલરવ પ્રથમ.
ઉચ્ચ ભૂમિકા પર ચડવા માટે

નીચલી પગથીઓ છોડવી પડશે પ્રથમ.
વ્યકિતભાનમાંથી નીકળી સમષ્ટિભાનમાં પ્રવેશવા
ચર્મચક્ષુઓ બંધ કરી, આંતરચક્ષુ ખોલો,
બહારના બધા દુન્યવી કોલાહલો સાંભળવા બંધ કરી
સાંભળો અંદરના કાનથી-દિવ્ય કર્ણેન્દ્રિયથી !
સાંભળો, વહેતું એ મૈત્રીભાવનું પવિત્ર ઝરણું !
સાધુના શ્રીમુખેથી જ મંગળાચણ રૂપે
મીઠા ગંભીર સૂરે વહી રહ્યું છે તે !
શું છે સજ્જનોના દિલની અમૃતકૂંપિકામાં ?
એકલા મનુષ્યો જ નહિ
પણ જીવમાત્ર સાથે મૈત્રી કલ્પી લઈ
સકળ વિશ્વનું દિલથી ચાહવાનું છે 'કલ્યાણ',
મળે ત્યાં ગુણીજન દેખી નમાવવાનું છે મસ્તક,
દીનદુઃખીના ઉદ્ધાર માટે 'જગાવવા'નું છે દિલમાં દર્દ,
ને ચડાવવાનાં છે માર્ગભૂલેલાંઓને 'સમતા'થી સુપંથે:
આ ચાર મંગલ ભાવનાનાં પવિત્ર છાંટણાંથી
શ્રોતાઓ રોજ બને છે સંપૂર્ણ તરબોળ !
આમ જીવનસંસ્કારિતાના તેજથી
સ્વાભાવિક રીતે બનાવી દે છે એ શ્રોતાને-
પ્રત્યેકને પોતપોતાનો 'ગુરુ' !

★

મૈત્રી, પ્રમોદ, કારુણ્ય ને સમતાભાવ:
આ ચતુર્ભાવનાનાં કલ્યાણકારી જળ છાંટી છાંટીને

ખૂબીથી ખેંચે છે શ્રોતાઓનાં દિલને ઉપર, અતિ ઊંચે,
નીચેથી 'ઊંચેરી' ભૂમિકા પર:
ને પછી તો એ સાધુનો
ધીર, ગંભીર, ગૌરવશાળી વાણીનો પ્રવાહ છૂટે છે.
ચાતકો ઝીલે છે એક નજરે,
'વર્ષા' વરસે છે જ્ઞાનની !
ઉપાશ્રયમાં ને જાહેર વ્યાખ્યાનોમાં.

★

કહેશો? કઈ પ્રકારનો શોખ, 'ઇશ્ક'-પ્રેમ શ્રોતાને ખેંચે છે?
કહેશો! કઇ 'તૃષા' માનવીને દોરી લાવે છે અહીં?
નથી લાગતું કે ગમે તેટલા નીચે પડેલા માનવીમાંય
એક છૂપી પ્યાસ પડી છે, ઊંચે ચડવાને કાજ?
જીવનકલહની મારામારીમાં પડેલા જનોને
અનંતકાળથી એક ભૂખ છે જીવનલીલા મહાણવાની.
આ ક્ષુધા કહો કે તૃષા:
જીવતી છે જ્યાં સુધી માનવીના અંતરમાં
ત્યાંસુધી 'માનવકલ્યાણ'ની આશા ઊજળી જ છે.

## સભાખંડનું શ્રોતૃમંડળ

આવે છે હોંશથી અહીં આસ્તિકો ને નાસ્તિકો,
સાચા-ખોટા ધર્મીઓ ને કહેવાતા અધર્મીઓ;
બુઢ્ઢા, જુવાન, પ્રૌઢો ને બાળકો,
વેપારીઓ, વિદ્યાર્થીઓ ને અધિકારીઓ;
શ્રીમંતો ને ગરીબો, સુધારકો ને ગાડરિયા,

જૈનો ને જૈનેતરો, અભણો ને ભણેલાઓ;
પુરુષો ને સ્ત્રીઓ: સાદા ને 'રંગબેરંગી' લેબાસમાં!
કેંક 'ભવનું ભાતુ' બાંધવા, જીવન 'સૌરભ' લૂંટવા—
કેંક 'બિંદુમાંથી સિંધુ'નું પાન કરવા પ્રેમે.
પધારે છે સૌ અહીં અંતરની એક ઊંડી જિજ્ઞાસા સંતોષવા.
એ 'જિજ્ઞાસા' શી છે?
બહુ ઓછા જ જાણે છે.
છતાં એ છે કેંક 'કલ્યાણની જિજ્ઞાસા'—
તે સાચી ને નક્કર હકીકત છે.
ભરાતો જાય છે સભામંડપ ભાવિક માનવમેદનીથી,
છલકાતો જાય છે સ્વયં, ત્યાં જાગતા સ્વાભાવિક રસમાંથી.
અપૂર્વ શાન્તિ જામતી જાય છે,
બને છે બધા શ્રોતાઓ મંત્રમુગ્ધ પછી તો.

## વાણી-વિચાર પ્રવાહ

સાધુજીનું શાંત પ્રવચન એકધારા પ્રવાહે ચાલે છે
કો' ગુલાબી જીવનના ગુલાબી પડછાયા જેવું,
હૃદયકોતરોમાંથી જ્ઞાનના પુંજ ફેલાવતું.
પહાડમાંથી નીકળતું સરિતાનું કોઈ ઝરણું જોયું છે?
પ્રારંભમાં નાનું હોય—સાવ નાનકડું,
નાનામાંથી ક્રમશઃ વિશાળતા પામી
બને છે 'મદમસ્ત' ફાટફાટ સમુદ્રરૂપ વિશાળ.
શ્રી 'ચિત્રભાનુ'નો વાક્પ્રવાહ ધસે છે તેવી જ રીતે
સાઠ મિનિટનું બંધન સ્વીકારી,

ચોક્કસ વિષય ને વિષયાંતરોના પટ ભેદી
શ્રોતાઓના દિલમાં સડસડાટ કરતો આરપાર!
એ ગમે તેવા વળાંકો લેશે માર્ગમાં,
પણ એમની ધ્યેયલક્ષી સરિતા ધસે છે સમુદ્રના પેટાળમાં જ.
એમની ગતિને લક્ષ છે, ચોક્કસ દૃષ્ટિ છે,
તેથી લક્ષને આબાદ વરીને જ જંપે છે શાંતિથી!
વચમાં આવતા ખાડા-ટેકરાઓ તેઓ ખૂબીથી ઓળંગે છે–
ને પાર કરે છે શ્રોતાઓનાં દિલની 'ભૂલભૂલામણીને.'
કળાપૂર્વક થતી શબ્દોની પસંદગીથી,
ને રસપૂર્વક પીરસવાની સાધેલી આવડતથી
આકર્ષે છે સમસ્ત જનસમુદાયને!
જાણે કોઇ કુશળ યોગસિદ્ધની અદાથી
જમાવે છે સમસ્ત શ્રોતામંડળ ઉપર આધિપત્ય–
પોતાનું પ્રેમાળ પ્રભુત્વ
અને આકર્ષાય છે જનમેદની પ્રેમથી
એમ જ તેમના જ્ઞાનની મોહિનીમાં,
ખેંચે છે એ શ્રોતાઓને હેતથી ઊંચે,
વિચારની ચાતુરીથી અને જીવનની માધુરીથી:
We live by suggestions
And every suggestion has its magic power.
તેમની વાણીમાં છે એક પ્રકારનું દિવ્ય જીવનસત્ત્વ
જર્જરિત થયેલા જીવનનું નવસર્જન કરતું.
ચીમળાઇ ગયેલાં માનવપુષ્પોને બક્ષે છે એ નવચેતન–

પાનખર પામેલાને વસંતથી નવપલ્લવિત કરતું.
વૈજ્ઞાનિકોએ શોધેલાં પોષક-તત્ત્વોથી પોષાય છે દેહ,
આ આધ્યાત્મિક પ્રેરણાતત્ત્વથી ખીલે છે શ્રોતાનો આત્મા.
વાણીનું એક પ્રકારનું એ દિવ્ય જાદુ
આકર્ષે છે અનેરી રંગતથી શ્રોતાના સમગ્ર જીવનને,
અને તેમના ઉન્નત વિચાર-પ્રકાશથી,
ભરાય છે આકાશ શ્રોતાઓનાં મનોમંદિરનું.
કારણ ?
વકતા, લેખક ને ચિંતક:
ત્રણેનો અજબ સંગમ થયો છે શ્રી ચિત્રભાનુમાં.
એકલું જ જ્ઞાન કામ ન લાગે,
વાહક રૂપે ભાષાનું સબળ વાહન જોઇએ;
ને જોઇએ રજૂઆત કરવાની મોહક કળા ને શૈલી:
આ સુમેળ ખૂબ ખીલી ઊઠે છે
શ્રી ચિત્રભાનુના પ્રત્યેક પ્રવચનમાં.

## પ્રવચનનાં ચાર તત્ત્વો

કટુતા અને વિષમતાથી ભરેલી આ દુનિયાને
એ આપે છે અણમોલ જીવન-મધુ,
જીવનકટુતા દૂર કરી સંવાદિતા સાધવા
એ અર્પે છે વચન-પુષ્પો, જીવનમાં સોરભ ભરવા.
એમની વાણીમાં છે કો' પ્રિય પિતાનું જ્વલંત તેજ,
સાથે છે માતાની ભરીભરી મમતા ને મીઠાશ:

प्रियम्...पथ्यम्...सुन्दरम् ने सत्यम्नुं गौरव।

★

Truth is the ruling power,

Which is always bound to come upper-most.

સત્ય વચનો તો સદા બોલવાં જ રહ્યાં,

પણ તે પ્રિય લાગે તેવી કળાથી જ;

અને બોલવું સત્ય જ, પણ એ રીતે કે

જે તુર્ત ઝિલાઈ જાય-પચી શકે શ્રોતાના દિલમાં;

અને બોલવું વળી એવી સુન્દર રીતે કે

જગતની બધી કુરૂપતા એ વાતાવરણમાં ઓગળી જાય.

આ છે તેમના સંદેશનું તત્ત્વજ્ઞાન–

प्रियम् पथ्यम् सुन्दरम् सत्यम् ભરી વાણીનું નવનીત:

વાણી પાછળ વિલાસ નહિ પણ વિચાર,

વિચાર પાછળ હૃદયની શૂન્યતા નહિ પણ ભાવના,

વાણી-વિચારની રજૂઆતમાં ભાષાનો ખોટો દંભ નહિ,

પણ ઝળકતી હોય છે જીવનની કર્તવ્યદીક્ષા;

અને બધા ઉત્તમ વિચારો માટે

વિતંડાવાદ નહિ પણ ચમકતું હોય છે ચારિત્રનું તેજ:

આવી નિર્મળ લોકપ્રિયતા મેળવી છે શ્રી ચિત્રભાનુએ!

રાજયોગ ને અધ્યાત્મદ્રષ્ટિનો વિરલ સંયોગ સાધી

કેળવી છે પોતે નિર્મળ સમ્યગ્ દ્રષ્ટિ,

ને આપે છે એ દ્રષ્ટિની સરસ સમજણ શ્રોતાવૃંદને.

'सम्यग दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः'

એ સૂત્રને જીવનમાં સમજપૂર્વક ઉતાર્યું છે,
ને શ્રોતામાં તે ભરવા આનંદથી મથે છે.

## વકતૃત્વનાં મીઠાં વારિ

જરા ઊંડાણમાં ઊતરીએ :
તેમની વાણી પાછળ ઉચ્ચ વિચારોનો છે 'ઘૂઘવતો' મહાસાગર,
ને પ્રત્યેક વિચાર પાછળ ઊછળે છે ઉન્નત ભાવનાનાં તરંગો.
એમના વિચારો પાછળ ઊંડું ચિંતન છે, મનન છે;
જિંદગીનું અનુપમ લાલિત્ય છે.
જીવન પ્રત્યેનું તેમનું દૃષ્ટિબિંદુ શોધકનું છે.
જીવતર તરફની દ્રષ્ટિ કેળવી છે તત્ત્વજ્ઞાનીની.

*

વકતૃત્વકળા એ સાધવા નથી ગયા,
જીવનમાંથી જ ઊગી છે આપોઆપ.
શબ્દો શોધવા તેમને રખડવું પડતું નથી ક્યાંય,
શબ્દો જ વહે છે તેમની ભાવનામય વિચારધારા પાછળ.
પાંગરી છે એ કળા વાક્યે વાક્યેય,
ને એકધારો સુંવાળો પ્રવાહ ચાલ્યો જ જાય છે.
નથી એમનાં પ્રવચનમાં કોઈ વ્યકિત કે ધર્મનાં ખંડન-મંડન,
કે નથી કોઈની કંઈ નિંદા કે કુથલીઃ
કેંક બસૂરા જીવનમાં સુરીલા સંગીતની સુધા પ્રસારતો-
અંદરની અકળ તૃષા છિપાવતો-
કોઈ મહા જળધોધ વહે છે ખળખળતો-
જાણે નિરાંતે ઝરતો-ભીંજવતો અનુભવાય,

શાંતિથી માનવીને તેના સાચા ઘરનું ચિંધાણ કરતો જોવાય:
એ ગમે તેવા ગુમાનીનેય પોતાનું સંશોધન કરવા પ્રેરે છે,
અને ગમે તેટલા નીચે પડેલામાંય,
ઊંચે શિખરે જવાની, ઊંડી જંખના જગાડે છે.

★

ભર્યું છે એ દિલમાં દુઃખીજનો માટેનું હમદર્દ,
ને ભરી પડી છે નિજાનંદની મસ્તી ય.
તે સિવાય સંભવે આવી અનુપમ વાણી ?
નથી ભાષામાં ક્યાંય દિલના ડંખ, કે કટુતાનો અંશ,
નથી ક્યાંય મનનો રોષ કે ભાવોની વિકૃતિ:
નર્યું માધુર્ય જ જાણે ટપક્યા કરે છે અંતરમાંથી,
નર્યું સૌંદર્ય જાણે સર્વત્ર પથરાય છે.

## ઉન્નત જીવનને પંથે

સંતોને છાજતી શીતળતા જ બસ વરસાવે છે એ,
યોદ્ધાને શોભતી સ્વસ્થતા જ શિખવાડે છે.
જીવનને મધ્યબિંદુમાં રાખી–
ચોમેરથી જીવનછોડને નવપલ્લવિત કરવા જ્ઞાનજળ સીંચે છે,
માધુર્ય જ પાય છે ભાવભીના અંતરની ઊંડી કંદરામાંથી.
એમના દિલાવર દિલની કુમાશ ને સુવાસ
સજી રહે છે સદાય સૌંદર્ય ને શીતળતા !

*

It costs nothing to be polite.
It costs nothing to be sweet.

સંસારીઓનાં વિસંવાદી જીવન પર
એ કરે છે હળવો કટાક્ષ,–પણ ખૂબીથી;
છતાં આશ્ચર્ય એ છે કે
એમાંય મહાણે છે શ્રોતાઓ અનેરી લહેજત,
ને "મારે સુધરવું જ જોઇએ"
એવું ગણગણે છે શ્રોતા ચિત્તના ઊંડાણમાંથી !
શ્રી ચિત્રભાનુનું વેધક વક્તવ્ય સાંભળીને
સુધરવાનું મન ન થાય કોઇને–આજે કે કાલે,
તો નવાઈ પામવું જ રહ્યું આપણે.
આવે છે ! આવે છે, દરેકના જીવનમાં,
વહેલી કે મોડી...શાંત કે ઘંટારવ કરતી,
એક અણધારી...અમોલી સુંદર તક ક્યારેક તો !
જ્યારે શુદ્ધિ માટે જાગે છે અંતરમાં ઊંડી ઝંખના–
ને એ ઝંખનાને સંતોષવા
સમર્પે છે માનવી બધુંય આનંદ સાથે.

★

કારણ ? માનવી માત્ર ઊર્ધ્વગમન માટે જ–
ઊંચાં પગથિયાં ચડવા જ સરજાયો છે.
શ્રી ચિત્રભાનુની વાણીમાંથી વહી રહે છે જ્ઞાનગંગા,
માનવીની અંદરનાં અનેક ઊંચાણ–નીચાણને ભેદતી–
કેટલાંય મરુભૂમિ શાં સુકકાં હૃદયોને ભીંજવતી–
પખાળતી ને ફળદ્રુપ કરતી !
સર્વને પ્રેમમુગ્ધ બનાવતી, સ્નેહસાગરમાં નવરાવતી–

ઢંઢોળીને જગાડે છે દરેકની અંદરના ઉચ્ચ તત્ત્વને,
ને ઉદ્‌બોધે છે તેઓ ગૌરવભર્યું:
"શ્રોતા! તું મહાન થવા જ સરજાયો છે."
એમના પ્રત્યેક વચને મહેકે છે પોતાના વ્યક્તિત્વની સુવાસ,
પ્રત્યેક શબ્દમાંથી સ્ફુરે છે સૌંદર્યની ફુમાશ.
માનવીને 'પામર'નો ટોણો મારી પછાડતા નથી તે,
પણ 'ભવ્યાત્મા' કહી દોરે છે ખીણમાંથી શિખર તરફ.
જ્ઞાનમસ્તીમાં ઝંખે છે એ
"સવી જીવ કરું શાસનરસી...
સવી જીવ કરી લઉં ધર્મમુખી"—
ક્રોધ, માન, માયા ને લોભથી વિમુક્ત થઈ!

## જીવનલક્ષી મૂલ્યાંકન

માનવીનું જીવન છે માનવીની સૌથી મોંઘી મૂડી,
તેનાથી દૂર ફેંકી, માનવીને ક્યાંથી જીવાડી શકાય?
માટે તો જીવનને સ્પર્શતા સર્વ પ્રશ્નો
તેઓ ચર્ચે છે શાંતિથી ને ઊંડાણથી,
ધર્મો, કર્મો, શાસ્ત્રો ને ઉપદેશો-
'જીવનને ઉન્નત કરવા પૂરતા જ જરૂરી' માનીને!
માનવીના જીવનમાં આજે જાગી છે ચોમેર
વિસંવાદિતા ને બસૂરાપણું,
ત્યાં સંવાદિતા ને શાંતિની કરવી છે એમને પુણ્ય-પ્રતિષ્ઠા.
માનવીની અંદરનું કૈંક પોકારી રહ્યું છે પામવા-

શ્રી ચિત્રભાનુ આપે છે એને અજબ વાચા!

★

સદ્દગુણ–સાગરનાં મોજાંની મસ્તીમાં
શ્રોતાને જ સ્વયં હિલોળા લેતા કરી દે છે એ.
માનવીને એના અપ્રગટ દેવત્વ તરફ આંગળી ચીંધી
માટીના માનવીમાંથી એ ઘડવા માગે છે સાચો દેવાત્મા.
વ્યવહારદક્ષતા ને ઊંડા મનો–જ્ઞાનથી
કરાવે છે આત્મદર્શનના ચમકતા શિખરનું સૌને ભાન,
અને આત્મદર્શન માટે શ્રોતાઓમાં
આ ભવે જ જગાવે છે સાચો ઉદ્યોગ!

## નવઘડતરનાં નવાંકુરો

ધર્મની વાતો આજ ખૂબ થઈ રહી છે, વાટે ને ઘાટે,
પણ મરવા પડી છે માનવીની અસલ માણસાઈ ચોમેર.
ત્યાગની બડી વાતો થાય છે શેરીએ ને ચૌટે,
પણ માનવીના જીવનમાં પ્રાયઃ શૂન્યતા જણાય છે એમને.
આ હકીકતનો રંજ છે તેમના દિલમાં,
તેથી જ નવું ચેતન આપવાની પડી છે જરૂર જગતને.
બિચારા કે 'બાપડા' નહિ, પણ બનાવવા છે બહાદુરો તેને,
કો' વહેંતિયા નહિ, પણ સરજવા છે સર્વત્ર વિરાટ માનવો.
નિર્બળતા નહિ, પ્રગટાવવી છે રોમેરોમ સબળતા ને નિર્ભયતા,
ને મૃત્યુને મંગળ માની હસતાં સ્વાગત કરનારી જીવનશકિત.
અંતરના શત્રુથી હારી જનારા કાયરો નહિ,

પણ શોધે છે તે વિજય માટે સતત્ ઝંખનારા
અરિહંતના સાચા ઉપાસકોને!
વેરઝેરના દુષિત વાતાવરણને સ્વચ્છ કરી તેમને
ઘડવા છે 'क्षमा वीरस्य भूषणम्' સૂત્રને હૈયામાં ધારનાર
તેજસ્વી વીરો!

રોગનું નિદાન બરાબર જાણે છે એ,
તેથી જ સેવે છે, માનવીના નવઘડતરના કોડ.
દંભભરી સંસ્કૃતિ તરફ જાગી છે એમને નફરત,
તેથી જ વિચારના ઊંડાણ ને વ્યાપક ભાવથી,
સમજાવે છે કૈં કૈં નવું, એ શ્રોતામંડળને સમતાપૂર્વક.
વ્યકિતના જીવનમાં જાગે સ્વેચ્છાથી પરિવર્તન,
ને જડમૂળથી બદલાય દિલ ને દિમાગ–
એ જ છે તેમના નિત્ય પ્રવચનનો મુખ્ય સૂર.
ચર્ચે છે તેઓ દરેક પ્રશ્નને સમતોલ બુદ્ધિથી,
ને સુધરવા માટે સર્જે છે દિલનું વાતાવરણ!
'उत्पाद व्यय ध्रुव युक्तं सत्'
એ સૂત્રને ખૂબ જ સુંદર રીતે સમજાવે છે,
ને દરેક વસ્તુની સાચી ઓળખ કરાવવા
સદાય અનેકાંત–સ્યાદ્વાદદ્રષ્ટિને પ્રાધાન્ય આપે છે.

★

બધાને થવું છે કોટયાધિપતિ ઝટપટ,
પણ જીવનમાં ભિક્ષુકવૃત્તિની જ ભરી હોય છે દીનતા,

બધાંને જીવન લાગે છે ખાલી ખાલી;
પણ કોઇ વિચારતું નથી-'તેમાં કૈંક સારું ભરવાનું છે!'
શ્રી ચિત્રભાનુની નજરમાંથી છટકતું નથી આ,
તેથી સમજાવે છે શ્રોતાને એ ફરી ફરીને:
જણાવે છે તેઓ સૌને કે, જીવન ખાલી લાગતું જ હોય
તો ભરીને પી લો પ્રેમથી, સદ્દગુણની રસપ્યાલી!
ને મહાસાધનાને પંથે નીકળ્યા છો તો
નબળાં, હલકાં સાધનો છોડી સજી લો સુંદર શસ્ત્રો!
સંસારમાં રચ્યા-પચ્યાને એ સંબોધે છે કે
'એક બેડી પર નાખીશ ના, બીજી બેડી-
ભલે તે સોનાની હોય કે હીરે મઢેલી-
પણ છેવટે તો એ બેડી જ છે બંધનકર્તા,
નહિ હોય ત્યાં કશી સ્વતંત્રતા!'
ને કહે છે: "ચડતા દિવસોમાં હોય ભાષા માનવીની મીઠી,
હોય વિચારો ઉન્નત ને કલ્પના આકાશગામી."
અને "કડવી ભાષા ઉચ્ચારતાં પહેલાં હૃદય બને છે કડવું,
તો મીઠાશથી જ હૃદયને ઉન્નત બનાવો ને!"
રાગદ્વેષથી જળી રહેલા માનુષી જીવન પર
આમ છાંટે છે એ રોજ, ભાવથી ને ઉદારતાથી
જ્ઞાનજળનાં શીતળ અમૃત-છાંટણાંઓ,
કો' વિરલ છટાથી!

*

સંસારના બાવળિયાથી વિંધાયેલાં દિલોને

રૂઝવવા માટે ધીરે છે પોતાના રંગભર્યા દિલની કુમાશ.
સર્વત્ર કટુતાના રેલાવનારને પલટાવવા,
પાય છે એ, પોતાનાં જીવન-બોધનાં પ્રેમ-પિયૂષ.

## વિવેક-વાણીનું લાલિત્ય

વિશાળ વાંચન અને તેની પાછળ રહેલા સુંદર ચિંતને
ઉતારી છે તેમના જીવનમાં પ્રભાતની રમ્ય તાઝગી,
ને જગાવ્યાં છે રોમેરોમ અમરરંગી સંવેદન-
જે પડઘા થઈને ઊતરે છે શ્રોતાઓના જાગૃત ચિત્તમાં.
દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને પારખી લઈ
એ સંસ્કારમૂર્તિ સમયજ્ઞ સાધુ સમજાવે છે-
અહિંસા-મૈત્રી-પ્રેમનાં ઊંડા મર્મો ને તેની વ્યાપક અસરો!

★

શબ્દલાલિત્ય ને વિચાર-ઔદાર્ય તો એમનું જ-
જાણે પીધાં જ કરીએ તેનાં કળાવારિને! એ ઐશ્વર્યને!
'વચનગુપ્તિ'નો પિછાને છે તેઓ ખરો મહિમા,
ને તેથી આપે છે વાણીનો પ્રસાદ, શબ્દે શબ્દ ચૂંટીને;
વિષયોની છણાવટ-કળામાં છે તેઓ પારંગત,
ને દલીલોની સચોટતા બનાવે છે સૌને સ્તબ્ધ.
વસ્તુની નિરૂપણ-કળામાં તેમને મળે છે સદાય સફળતા,
અને ગમે તેવા નિર્જીવ પ્રશ્ન કે નીરસ વિષયને ય એ વાણી
બનાવી દે છે ખૂબ જ રસભર્યો, ગૌરવવંતો ને સજીવ!

✶

વિચારકની તાઝગી સાથે ઊંડું ચિંતન ભળે,

શબ્દોના લાલિત્ય સંગે ભાવોની ભરતી ઊભરાય,
ચારિત્ર્યના ઓજસ્ સાથે બુલંદ અવાજ મળે,
ને આદર્શના ઉડ્ડયન સંગે આચારની દ્રષ્ટિ સધાય:
ત્યારે ? ઓહો! કેવી રમ્ય સૃષ્ટિ ખડી કરે છે તેઓ!
કૈંકનાં શુષ્ક જીવનમાં ને દુઃખભર્યાં વિચારોમાં
લાવી શકયા છે હરિયાળીની ઠંડક–
સૌંદર્ય ને મોહકતા !

★

માનવીની ભિન્નભિન્ન નબળાઈઓનું ભાન છે તેમને,
ને માનવીના હૃદયને ઉન્નત બનાવનારી
અકસીર ઔષધિઓ પણ પડી છે એમની પાસે.
તેથી જ ઉદાર ભાવે પરબડી માંડી છે એમણે-
એ દવાઓની લહાણી કરવા !

★

માણસ આજે મૂંઝાઇ ગયો છે બહારથી ને અંદરથી,
પણ માર્ગ કાઢી શકતો નથી એ બાપડો !
એક કોયડો ઊકેલવા જતાં,
ઊભા કરે છે બીજા બે પાંચ નવા કોયડાઓ.
તેથી આવે છે સૌ માર્ગદર્શન માટે નિઃસ્વાર્થી સંતોને દ્વાર,
આવે છે, જુગજૂની તૃષા છિપાવવા સંતોને ચરણે:
આમ માનવયાત્રિકો આજે શોધી રહ્યા છે સંત ને સુપંથ.
જીવનયુદ્ધથી થાકીને ભગાડવાનું તેમને પસંદ નથી;
તેથી જ તેઓ જીવનસાગરમાં,

સામી છાતીએ ઝૂઝનારા તરવૈયા બનાવે છે શ્રોતાને !

## માનવીની મનોમાગણી

શ્રી ચિત્રભાનુ સમજી શક્યા છે માનવીની મનોમાગણીને,
અને પામી ગયા છે આપણા ઊંડા રોગોનું નિદાન,
એટલે આદર્શના અમૃતને રેડે છે તેઓ વ્યવહારનાં મૂળમાં.
માનવીની સાંસ્કારિક દરિદ્રતા તેમને સાલે છે,
તેથી ખરા સંસ્કારનાં સિંચનમાં જ રસ છે એમને.
સુવર્ણયુગનાં જૂનાં સ્વપ્નાંઓના મર્મ સમજે છે,
ને નવયુગની સાથે તાલ દેતા શાસ્ત્રોના અર્થો સમજાવે છે.
પ્રત્યેક પ્રવચન સરળ ને હલકા ફૂલ જેવું,
રસિકતાના સાગરમાં નવડાવતું વહી જાય છે;
દ્રષ્ટાંત, દલીલો, કથા ને ઉપકથાઓ દ્વારા
દાખવે છે વ્યાવહારિક ચાતુરી, ને પાય તત્ત્વજ્ઞાનની માધુરી :
એકમાંથી નીકળી અનેકના પટ વીંધી
રમતાં રમતાં પાછા આવી જાય છે મૂળ વિચારકેન્દ્રે !

## સૂક્ષ્મનું સંવેદન

સ્થૂલ વિષયમાંથી સરે છે એ સૂક્ષ્મમાં,
ને સૂક્ષ્મમાંથી અતિસૂક્ષ્મ–સૂક્ષ્મેતર વિષય પર;
ને જમાવે છે એવો અખંડ રસ
કે વચમાં તાર તૂટે તો વિયોગની વેદના થાય સૌ કોઇને !

*

જીવનથી દૂર ભાગવાનું નહિ,

પણ જીવનના બાગને ખિલવવાનો ધર્મ શીખવે છે એ.
એ છે હોશિયાર કારીગર ને સુંદર કળાકાર,
કેવા ઘાટ ઘડવા માનવીના–એ તેઓ સમજે છે.
એ છે ચતુર કીમિયાગર,
ધૂળમાંથી સોનું શોધી ખેંચે છે માનવીનું સત્ત્વ બહાર!
ઓહો! કેવા વિશેષ રમણિય દેખાય છે તે–
શ્રોતાવૃંદને સ્મિતથી કો' માર્મિક પ્રશ્ન કરતી વખતે!
He is at his best in a pleasant sweet humour.

## શ્રોતાઓને સંબોધન

કદી વિચાર્યું છે–
આ બધું આવે છે ક્યાંથી?
આત્માની શક્તિઓ અનંત છે,
કોઈ મહાસરોવરમાંથી જ્ઞાન ઊભરાય છે એમનામાં;
પણ તેનાં પાન કરાવવાની વિરલ રીત સાંપડી છે–
કોઈ અપૂર્વ ને અનોખી છટાથી શ્રી ચિત્રભાનુને!

*

શ્રોતાઓ ગમે તે જાત કે ભાતના–પંથ કે ધર્મના હો!
ગમે તેવી કક્ષાના કે ગમે તે વૃત્તિના હો!
બધાનાં મૂળમાં એ સિંચે છે કૈંક સુંદર,
બધાના મનોભાવોને આપે છે નવીન જાગૃતિ.
He lifts them from the surface of the world
To the highest peak of the mountain—

The lofty Himalayan mountain-
With a graceful Himalayan attitude:
તળેટી પરના વહેંતિયા જીવોમાં જગાવે છે એ આસ્વાદ,
વિશાળ પહાડના ચડાણુનો ને જીવનની ઘેલી મસ્તીનો!
તંદુરસ્ત હવાનો ને વિરાટ માનવતાનો!

## સંતની સુધારકતા

અને એ સુધારક પણ છે, અલબત્ત!
નવા રંગોથી રંગાયેલા છે આરપાર,
પણ જૂના રંગોની રંગતનેય માન આપે છે પૂરું.
એમને સુધારવું છે વ્યક્તિ ને સમાજનું કલેવર,
પણ ક્યાંય કે કશામાં નથી સેવતા કયારેય ઉદ્ધંડતા:
જૂનાંને ચાહે છે તેઓ, તેનાં પાયાના મૂલ્ય આંકીને,
પણ ક્યાંય નથી દેખાતી, અવિચારી અંધતા.
શીખવા તૈયાર છે એ રાતદિન
એક નિરભિમાની જિજ્ઞાસુની લાક્ષણિક અદ્દાથી;
તત્પર છે એ લેવાને કોઈનીય પાસેથી
નાનકડું જ્ઞાન પણ પૂરી નમ્રતાથી.
કાંઈજ ખોટું કરવા એ તૈયાર નથી,
ને ગમે તેવા ચમરબંધીનેય વિનયથી
સાચું કહેતાં એ કદિય અચકાતા નથી.
આ બધું બતાવે છે-
એમના આંતર-જીવનનું ઓજસ્ ને પ્રબળ ચારિત્ર્ય.

## એમની આંતર-ઝંખના

જ્યાં જ્યાં જીવનની કલુષિતતા છે,
ત્યાં ત્યાં તેમને ઉદ્યાનો રચવા છે.
જ્યાં જ્યાં સુંદર ઉદ્યાનો રચાયા છે,
ત્યાં ત્યાં તેમને રૂપાળાં ફૂલો ખીલવવાં છે.
જ્યાં જ્યાં મનોહર પુષ્પો લહેરિયાં લે છે,
ત્યાં ત્યાં દિલખુશ સૌરભ ઊતારવી છે;
ને જ્યાં જ્યાં મીઠી સૌરભ છે,
ત્યાં ત્યાં તેમને મસ્તીભર્યું જીવન ભરવું છે!
ઉત્તમ જીવવું છે ને તેવું જીવતાં શીખવવું છે;
માણવું છે ને બીજાને માણતાં કરવા છે.
જૂના સંસ્કારોનાં અમી વહેતાં રાખવાં છે,
અને નવા સંસ્કાર-છોડોનાં બી વાવવાં છે:
આજની કંગાળ પરિસ્થિતિમાં લાવવું છે એમને પરિવર્તન,
ને સંસ્કારધનથી જ બધાંને બનાવવા છે સાચા શ્રીમંત.
માનવ-માનવ વચ્ચેના સંબંધો મીઠાશે ભરવા છે,
ધર્મી-અધર્મી વચ્ચેની દિવાલો તોડવી છે;
ને ધાર્મિકતાની સૌરભ પ્રસરાવવી છે જીવનમાં ને જગતમાં:
નૈતિકતાથી શોભતા-માનવીમાંથી એમને દેવ ઘડવા છે.

## સૂતેલી માનવતામાં પ્રાણસિંચન

કોણ કરશે આ કામ?
સૂઈ ગયેલી માનવતાને આજે જગાડવાની છે:

પોઢેલી ભલાઈને ઢંઢોળી કામે લગાડવાની છે.
પોથાં-પંડિતોને આપવાનું છે સાચું શાસ્ત્રજ્ઞાન,
ચોપડાઓ ભણેલાને શિખવવાનું છે જીવનનું મંગળ શાસ્ત્ર.
જૂની પેઢીના કૈંક અલૌકિક ગુણો સાચવવાના છે,
નવી પેઢી-યુવાનોમાં ઉચ્ચ સંસ્કારનાં બી વાવવાનાં છેઃ
જૂના-નવાનાં વિસંવાદો જિંદગીમાંથી દૂર કરવાનાં છે
ને કેળવણીને જીવનમાં ઊતારવાની છે સદા જીવંત.
"નવું તેટલું બધુંજ સારું કે બધુંજ ખરાબ,
અને જૂનું તેટલું બધુંજ સડેલું કે બધુંજ સોનુ"
આ બન્ને અર્થહીન દ્રષ્ટિથી તેઓ પર છે,
ને માપે છે હરેક વિચારને 'સ્યાદ્વાદ' દ્રષ્ટિથી-
અનેકાંત દ્રષ્ટિથી-જે 'જૈનત્વ'નું પ્રથમ લક્ષણ છે.
'સારુ તેજ મારુ'
અને જૂનામાંથી કિંમતી સત્ત્વો પી પીને
નવયુગમાં નવે સ્વરૂપે જીવવું...
એવી સ્પષ્ટ જીવનદ્રષ્ટિ કેળવી છે તેમણે.
જીવનકળાને ખીલવવા, જૂની ક્ષિતિજો તોડી,
નવા જગતના રસ પીવા ને પાવા તે સદા ઉત્સુક છે.
કહેવાતા આસ્તિકોને તેઓ જીવન-આસ્તિકો બનાવવા તલપે છે,
કહેવાતા નાસ્તિકોમાં તેઓ અજબ આસ્તિકતાનાં બી વાવે છે.
જીવનનાં છીછરાં જળ ગમતાં નથી એમને,
વિશાળ મહાસાગરમાં જ સાહસિક સફરો આદરવી છે.

કાંઠે બેસી બાળકો જેમ છબછબિયાં કરવા કરતાં
મધદરિયે ખાબકીને મોતીઓ મેળવવા ઇચ્છે છે એ.

## માનવબંધુની બાંય

નથી દેખાતી ક્યાંય બેચેની તેમના જીવનમાં,
એટલા છે જ્ઞાન-મસ્ત ને સ્વસ્થ.
અને છતાં માનુષી લાગણીથી એવા ભરેલા કે
આપણી જ અંદરની સિતારીના તારોને સ્પર્શતાં
ખૂબ જ કોમળતાથી ઝણઝણી ઊઠે છે પોતે,
ને આપે છે આકાર શ્રોતાના અંતરના વિચારોને.
કરુણાથી છલકાય છે તેમનું દિલ,
આપણા ભાવનાહીન જીવતરના કંગાળ રંગઢંગ જોઈ;
અને તેથી માનવીની બાંય ઝાલી, ઊંચે ચડાવે છે સૌને.
ગમે છે તેમને સ્વચ્છતા, સુઘડતા ને સુંદરતા–
માનસિક, શારીરિક ને આધ્યાત્મિક;
અને પાળે છે નિયમિતતા ને શિષ્ટાચાર–
બન્યા વગર જરાય યંત્રવત્.

## જીવનનું આંતરિક સૌંદર્ય

જીવન-સૌંદર્યના એ પૂજક છે,
ને તેથી ઊભરાય છે લાલિત્ય, તેમની પ્રત્યેક ક્રિયામાં.
સૌંદર્યનો જીવનધર્મ સમજે છે તેઓ,
ને તેથી છલકાય છે સૌંદર્ય તેમના ભાવમાં ને ભાષામાં:
શ્રી ચિત્રભાનુ માને છે ભારપૂર્વક કે :–

બાહ્ય દુર્જનતાની પાછળેય કયારેક પડી છે સુજનતા,
માનવ અંતઃકરણમાં છૂપાયલી ને અપ્રગટ.
અને દેખાતા સજ્જનોના જીવન પાછળ પણ
ક્યારેક કરે છે ડોકિયાં, પેલી દુર્જનતા:
દેખાતા દુર્જનો ને કહેવાતા સજ્જનોની પાસે
નથી દેખાતું એમને જીવનનું કોઈ ઉત્તમ ભાતું,
નથી દેખાતું નક્કર ધ્યેય કે કર્તવ્યદિશા:
આ બધું તેમને ખૂબ ખૂંચે છે.
એ તો કહે છેઃ પચીસ–પચાસ વરસના જીવન માટે,
આટલો બધો પથારો શો? મોહ શો?
આ બધાં પોટલાં ને ભાર નકામા શાને વહેવાં જગતે?
સજ્જ થઈને બેસવાનો 'આદેશ'
સંભળાતા છતાં કેમ ઘોરે છે માનવીઓ!

*

શ્રી ચિત્રભાનુ માગે છે માનવીની જીવન–યોજના:
માનવીના જન્મ પાછળ કોઈ ઊચ્ચ હેતુ હોય,
જીવતર જીવવા પાછળ કૈંક ધ્યેય હોય,
અને મરણ પાછળ કૈં ગણનાપાત્ર કમાણી હોય:
આવું કૈંક...કૈંક માગે છે તેઓ શ્રોતાવૃંદ પાસેથી.

## જીવનનું નવસર્જન

એમનામાં યૌવનનો થનથનાટ ને જ્ઞાનનું ગાંભિર્ય છે,
કર્તવ્યનું ઊંડું ભાન ને સાધુતાની શીતળતા છે,
ઊચ્ચ પ્રકારના જીવનહાસ્યનું અમૃત ઊભરાય છે,

અને હૃદયમાં કંઈ કંઈ કરુણાનો સ્રોત વહી રહ્યો છે.
આવતી કાલના પ્રશ્નો સાથે, એમનામાં આજની દ્રષ્ટિ છે,
વિતંડાવાદ કે શુદ્ર વાદવિવાદોની ગંદકી
તેમની રમ્યતાને કલુષિત કરી શકતી નથી,
વિવેક ને વિચારની દોરવણી વગર
તે પોતાનું કોઈ પગલું આગળ ભરતા નથી.
ઊંડી સમજણ ને સદ્‌ગુણોનો મિનારો ચણ્યો છે પોતામાં,
ને તેના શિખર પર ચડીને દ્રષ્ટિપાત કરે છે સર્વત્ર:
જીવનને રોમે રોમે ભર્યા છે માનવદર્દના ધબકારા;
ને ચારિત્ર્યનો ચમકતો ચમકાર છે એમના જીવનમાં.
તેમની પ્રત્યેક ક્રિયામાંથી ઝરે છે લાવણ્ય અને સંવાદિતા,
સાધુને છાજતી માર્દવતા ને ગૌરવશીલતા.
માયાનાં પોટલાં ઊતારી સૌને હળવા બનાવે છે એ,
નિરાશ થયેલાંને પાય છે મીઠાશથી આશાનું અનેરું અમૃત.

## વિવિધ સુમેળ

साढुं, सरळ, प्रिय ने श्रेय:
જેવું બોલે છે તેવું જ જીવે છે,
સાદું ને સરળ જીવન.
પ્રત્યેક બોલમાં ભરી છે ઊંચી મોહક ભાવના,
ભાષાના માધુર્ય સાથે પુરાતા જાય છે તેમાં દિલના રંગ.
ક્યાંય નથી સંદેહભરી ભાષા કે ભાવનાઓ,
ને ખિલવે છે જીવનની સ્પષ્ટ કળાઓ;

સૌમ્ય, શાંત ને હસતા બુલબુલ માફક,
જીવનની સુવાસ, કેવળ સુવાસ જ ફેલાવે છે.
લાગણી ને મનની દાખવે છે અજબ સમતુલા:
Balance of mind & calm reasoning power.

## કટાક્ષ–કંટકનું કાવ્યત્વ

અતિ સાદી વાત કરવાની શૈલીમાંય
સૌરભ ને સરળતા ઊભરાય છે,
એક પ્રકારની અદ્‌ભુત મોહકતા ફેલાય છે હવામાં:
ક્યાંય નથી ભાષા કે ભાવોની કર્કશતા,
ક્યાંય નથી કોઈનેય દુભવે તેવા કટાક્ષો:
જેટલો ઊંડો કટાક્ષ તેટલો જ એમની ભાષામાં વધુ વિવેક,
અને વધુ હોય હમદર્દી કે કારુણ્યભાવ.
આ છે તેમના 'कटाक्ष कंटक'નું હાર્દ !
એમના કટાક્ષમાંય દિલનું દર્દ ભર્યું હોય છે,
કઠણમાં કઠણ વાતો પણ કહે છે કાવ્યમય કોમળ શબ્દોમાં !
એમના પ્રવચનમાં નથી દેખાતું વકતાનું ક્યાંય અભિમાન,
પણ એ તો મૈત્રીની સરસ હૂંફ જ બક્ષે છે સદાય.
પૂછે છે કોઈ શ્રોતા ક્યારેક,
"મહારાજશ્રી! આપ મીઠાશ જ કાં ધરો છો માત્ર?"
અને તેઓ જવાબ વાળે છે જીવનરંગથી:
"એ જ અમારી મૂડી; અમારો શણગાર....
મધુરતા ફેલાવવી ! માનવપ્રેમ જ જગવવો !"

## સાધુતા ને મુમુક્ષુતા

સાધુઓ તો ગણાય છે, ભારતવર્ષની અમોલી મૂડી,
ને તેમાંય છે જૈન સાધુનું સ્થાન સાવ અનોખું !
સાધુ એટલે કોઈ ભિક્ષુક નહિ,
પણ નિસ્પૃહતા ને પૂર્ણતાનો મહાસાગર !
ચારિત્ર્યની સ્વયં જ્યોતિથી શોભતો
કોઈ राजराजेश्वर ! દેવપંથનો પ્રવાસી !
સાધુજીવનનું આ ઊચ્ચ સ્થાન ને ગૌરવ,
श्री चित्रभानु સમજે છે: ને લાગે છે કોઈ ધર્મરાજવી :
અને મોક્ષમાર્ગના મુમુક્ષુઓ વિનવે છે એમને :
"સમજાવો સાધુવર! અમને એકવીસ ગુણોનાં સોપાનો,"
અને મંજુલ પ્રવાહ ચાલે છે મુનિશ્રીનો-
સાથે રામાયણના રંગો પણ ખૂબીથી વર્ણવે છે.

## રામાયણના રંગો

તેમને મન ખૂદ 'रामायण' જ એક જીવંત પાત્ર છે રામાયણનું-
જેમાં નર-વાનર, દેવ-દાનવ, પશુ-પંખી,
બધાંનું સ્નેહસંમેલન દેખાય છે.
આદર્શ સામાજિક ગુણો, દિવ્ય કૌટુંબિક જીવન ને
જીવનમાંનાં શ્રેષ્ટતમ નૈતિક મૂલ્યોનું અધિષ્ઠાન-તે રામાયણ!
અને એકવીશ ગુણોમાંનો એક એક ગુણ,
તે મોક્ષનું એકેક પગથિયું—
માનવતાને દેવત્વનો રંગ દેનારું, એ પાવન પગલું !

આ વક્તવ્યમાં વક્તા પોતેજ એવા તલ્લીન બને છે
કે પોતાને અને સર્વને ભૂલાવી 'અંદર' લઈ જાય છે,
રામાયણના અકેક પાત્ર પાછળ
અજબની અકેક નવી સૃષ્ટિ ને દૃષ્ટિ,
શ્રોતાના દિલમાં ઊભી કરે છે ચતુરાઈથી.
રામાયણ તે ફકત श्रुतं हरति पापानि નથી કે
પાનાં જ ફેરવી ખુશી થઈએ;
એ તો જીવનનું ઉન્નત પ્રેરણા–ઝરણું છે,
અંધારિયા જીવનમાં જ્ઞાનનો દીપક પ્રગટાવે છે એ.
ને શ્રવણને અંતે સંત સમજાવે છે કે
જિંદગીનું રહસ્ય શું ? ધર્મનો અર્થ શો ?
અને તે પણ એવી ખૂબીથી કે શ્રોતાના જીવનમાં–
નીતિ અને પ્રીતિનો તાણોવાણો સ્હેજે વણાઇ જાય છે.

## શ્રોતાઓને રસલહાણ

દુનિયાની આઠ આઠ ભાષાઓ પર તેમને કાબૂ છે,
વિવિધલક્ષી સાહિત્યનાં વાંચનમાં એ તલ્લીન છે;
શાસ્ત્રોને સંપૂર્ણ વફાદારીથી એ પૂજે છે ને ધરે છે.
ને સ્વભાવ–સહજ પ્રતિભા સંગે, ભળે છે કળાકારનો સ્પર્શ.

★

અને આખરે !
પવિત્ર મંદિરોના ઊંચા શિખર સમું ઉન્નત
ને શિખરોને શિરે સોનેરી કળશ સમું પ્રકાશિત,

ગણધરવાદનું સુંદર અજોડ પ્રવચન ચાલે છે.
અહો! કેવું સરસ!
A master-piece.
જાણે એક ધર્મ-ભરપૂર આત્મા
પૂર બહારમાં ખીલી ઊઠયો છે ત્યાં!
ટૂંકું ને ટચ, છતાં સર્વાંગ સુંદર!
અઢી હજાર વર્ષો પૂર્વે દૃષ્ટિ કરશો?
ત્યાં વકતા હતા, મહા કૈવલ્યજ્ઞાની પ્રભુશ્રી મહાવીર,
ને શ્રોતા હતા એ જ્ઞાનપિપાસુ ભક્ત-શિષ્ય ગૌતમ.
વકતા ને શ્રોતાની આવી સુંદર જોડલી જામી હોય,
ત્યાં વકતૃત્વ કે શ્રોતૃત્વમાં શું મણા રહે!
અને તેના સરસ વાહક રૂપે
શ્રી ચિત્રભાનુ પોતાના જ્ઞાનની સર્વ કળાઓ-
સરળતા અને રજૂઆતના રંગો ભરતા હોય,
ત્યાં કેવી મૂર્તિમંત સુંદર રમ્યતા ખડી થઈ જાય!
કોઈ કલ્પી લે; માણ્યું હોય તે સ્મરી લે!
તત્ત્વજ્ઞાન જેવા પ્રાયઃ લુખ્ખા, ભારે વિષયની ય
આવી સાદી, સરળ, સુંદર ને અજબ નિરૂપણ-કળા
બહુ ઓછા વિરલાને જ સાંપડે છે:
તેઓ એમાંના એક છે.

## ગણધરવાદનું મધુરું ગીત

શ્રી ચિત્રભાનુનાં આટલાં બધાં પ્રવચનોમાં
ગણધરવાદ પરનું એમનું પ્રવચન-

છે ખરેખર એક અમોલું, સર્વોત્તમ પ્રવચન.
A masterpiece-in real sense.
કેટલી બધી ખૂબીથી, જ્ઞાન-લાલિત્ય વહાવે છે તેઓ!
કેવું સરસ પ્રવચન! જાણે જીવન-નવનીત!
આવો ગહન વિષય...ને જ્ઞાનનું આટલું ઊંડાણ...
આટલી સુંદર ને સરળ શૈલીમાં!
આટલી વિરલ છટાથી! ને ગૌરવયુકત વાણીમાં!
શ્રી ચિત્રભાનુની આ વાણી-કલા બહુ ઓછાને જ વરે છે.

## જ્ઞાનગંગોત્રીનું પુણ્યસ્નાન

ગણધરવાદ! ગુરૂ-શિષ્ય વચ્ચેનું ગૌરવવંતુ જ્ઞાનકાવ્ય!
આપણી અંદરના મિથ્યા અહમ્‌ને ઓગાળી સાંભળીએ:
શ્રી મહાવીર કાંઈ ગૌતમ માટે જ માત્ર નહોતા બોલ્યા,
પણ સંભળાયું હતું શ્રોતાઓને મહાવીરના હૃદયમાંથી-
સેંકડો વર્ષોના કાળસિમાડા ભેદીને!
જાણે ઉન્નતશ્રૃંગી પહાડોમાંથી નીકળતું એક,
કાળમીંઢ પથ્થરોનેય વિંધી આગળ ધસમસતું,
કોઈ મહાશકિતશાળી, મૂર્તિમંત થતું જ્ઞાનઝરણું-
મરૂભૂમિનેય ફળદ્રુપ બનાવતું બનાવતું-
જીવનબાગમાં સુગંધી પુષ્પો ઉગાડતું,
આપણાં હૈયાંને પલાળી ગયું,
પવિત્ર કરતું ગયું:
જાણે કે ખૂદ પ્રભુશ્રી મહાવીરનો જ સ્પર્શ કરાવી ગયું!

As if we are intimately reminded
Of our real spiritual H o m e.
કેવું ભવ્ય ને પાવક ઝરણું!
કલ્યાણકારી!.......મંગળમય પ્રવચન.

★

ગૌતમના હૃદયભેદી વિલાપ ને કૈવલ્યની પ્રાપ્તિ સાથે
આપણા હૃદયને ભીનું બનાવતા શ્રી ચિત્રભાનુ–
આપણને જ્ઞાનની ગંગોત્રીનાં દિવ્ય દર્શન
કરાવવાનું પુણ્ય કાર્ય કરી રહ્યા!
કહો! કોનાં દિલ ગૌતમના એ વિલાપથી નથી દ્રવ્યાં?
કોની આંખો એને શ્રવણે અશ્રુભીની નથી થઈ?

★

## પ્રેરણાની પરબે

આવો! અહીં, આજ જ્ઞાનની પરબ મંડાણી છે,
એનું રસપાન કરી આનંદીએ.
મુક્તિની સાચી મોહિની જાગે
ને માનવતાને પાંગરવાની પ્રેરણા મળે–
એવા સાધુસમાજના એક રત્ન શ્રી ચિત્રભાનુનાં
સુંદર પ્રવચનો ને તેમના સાધુજીવનની મઘમઘતી સુવાસ,
આપણામાં ઊતરો ને અજવાળો, એ જ અભ્યર્થના!

★

પ્રકાશ ફેલાઈ રહ્યો છે ચોમેર,
ચાલો! ઝિલાય તેટલો ઝિલી સૌભાગ્યશાળી બનીએ!

આત્માની વસંત ખીલવીએ!

ॐ नमो लोए सव्वसाहुणं!

★

અને? ચાલો! ગાઇએ અંતરના ઉલ્લાસથી,
દિલમાં 'દિલનો રંગ' મિલાવી, તાલથી:

❀

अर्पी દે અણમોલ, સાધક!
બધાં બને રસબોળ,
વરસાવી દે જ્ઞાનવાદળી
બધાં બને તરબોળ.
સાધક! અર્પી દે અણમોલ!
જગવી દે તું ચેતનજ્યોત!

★

अर्पी દે તું એવું, સાધક!
બધાં બને રસબોળ,
તપ્ત જીવોને શાતા ધીરી
હૈયે ઝાકમઝોળ.
સાધક! અર્પી દે, અણમોલ!
જગવી તું ચેતનજ્યોત!

★

अर्पी દે અણમોલ, સાધક!
બધાં બને તરબોળ,

સૌરભ ને શીતળતા આપી,
કરે જીવન રસબોળ.
સાધક! અર્પી દે, અણમોલ!
જગવી દે તું ચેતનજ્યોત!

*

તોડાવી દે! સાધક, માયા!
સર્વ જીવો એમાં લપટાયાં,
મુક્તિનું સંગીત વહાવી
કર ને જીવન રેલંછેલ.
સાધક! અર્પી દે અણમોલ!
જગવી દે તું ચેતનજ્યોત!

*

અર્પી દે અણમોલ, સાધક!
'ભવનું ભાતુ' દે! અણમોલ!
સમકિત, અર્પી દે અણમોલ!
સાધક! અર્પી દે અણમોલ!

ૐ શાંતિ!

સંપૂર્ણ

## મહાન શબ્દો

"શબ્દો એવા હોવા જોઇએ કે જે પાવક હોય, શાંતિદાયી હોય, જેનાથી સમાજને તુષ્ટિ–પુષ્ટિ મળે. જે મનુષ્ય તપસ્વી નથી હોતો, એના હૃદયમાં મહાન શબ્દો સ્ફૂરતા નથી; પણ જો એ આધ્યાત્મિક જીવન જીવતો હશે તો એમના શબ્દો પ્રેરણા આપશે."

શ્રી વિનોબા ભાવે

# શ્રી બંસીના બીજા પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| ૧ | આદર્શ જૈન (Invincible warrior) | ૧૪ | આવૃત્તિ |
| ૨ | આદર્શ સાધુ ( An ideal saint | ૩ | ,, |
| ૩ | આદર્શ સુંદરી ( An ideal woman ) | ૪ | ,, |
| ૪ | આત્મવીરની કથાઓ (૨૪ વાર્તાઓ) | ૯ | ,, |
| ૫ | જૈનોના મહાન રત્નો ( ૩ ચરિત્રો ) | ૨ | ,, |
| ૬ | કમળ ( એક બ્હેનની નોંધપોથી ) | ૧ | ,, |
| ૭ | સાધુ ગીતા | ૧ | ,, |
| ૮ | ॐ: परम कल्याणमंत्र | ૨ | ,, |
| ૯ | ખાદી | ૩ | ,, |
| ૧૦ | Romantic Japan: The magnet of Asia | ૧ | ,, |
| ૧૧ | Nehru: The flower of humanity<br>In English & Japanese<br>(એક લાખ, પાંચ હજાર કોપી) | ૨ | ,, |
| ૧૨ | ચાલો નાચીયે! | ૧ | ,, |
| ૧૩ | ચાલો હસીએ! | ૧ | ,, |
| ૧૪ | 'એ જ્યોત જલે છે અંતરમાં'<br>( આમુખ: 'યોગીશ્રી શાંતિસૂરીશ્વર') | ૧ | ,, |
| ૧૫ | કલ્યાણયાત્રી શ્રી ચિત્રભાનુ (રેખાચિત્ર) | ૧ | ,, |

★

## હવે પછી પ્રગટ થશે

૧ અત્તરના પૂંભડા

૨ રામાયણની વિભૂતિઓ (ભરત: સીતા)

૩ Discovery of Japan

૪ Your lovely smile

૫ Mysterious mind

૬ Wonders of Yoga

૭ श्री महावीर कहेता हवा !

૮ नमो अरिहंताणं

૯ જીવનસાગરના મોતી, છીપલા ને શંખલા

૧૦ આત્માની વસંત ઋતુ

# ?

જ્યાં સ્નેહ નથી, ત્યાં સૌરભ ક્યાંથી પ્રગટે ?
જ્યાં ત્યાગ નથી, ત્યાં વૈરાગ્ય ક્યાંથી ખીલે ?
જ્યાં માનવતા નથી, ત્યાં મધુરતા ક્યાંથી મળે ?
જ્યાં ઔદાર્ય નથી, ત્યાં ધર્મ ક્યાંથી ફળે ?

## સુવાસ ને સમર્પણ

મેં પુષ્પને પૂછ્યું એકાંતમાં: 'તારૂં જીવન-સાફલ્ય છે શેમાં' ?
પુષ્પે હસીને કીધું: 'સર્વત્ર સુવાસ ફેલાવી ખીલવામાં' !
મેં ફરી પૂછ્યું પુષ્પને: 'તેં તાક્યું છે જીવનલક્ષ શેમાં' ?
તેણે કીધું લટકાથી: 'પ્રભુચરણે સમર્પણ થઇ જવામાં' !

## શ્રેય ને પ્રેય

જોઇએ છે આંખમાં એ પવિત્ર જ્યોતિ,
જેનાથી દિવ્યતાનું સાંગોપાંગ દર્શન થાય.
ભરવી છે હૈયામાં એ નિર્મળ ભાવુકતા,
જેનાથી સંકુચિત ને સ્વાર્થી વિચારતરંગો શમી જાય.
સાંભળવો છે એકજ અંદરનો મીઠો સુંદર ધ્વનિ,
જેનાથી બહારના કોલાહલો વિરમી જાય.
વણવી છે જીવનના તાણેવાણે એવી વિવેકબુદ્ધિ,
જેનાથી શ્રેય ને પ્રેય હું પારખી શકું:

ઝંખુ છું હું આવી જીવનલીલા !

**You** may not be a Messenger,
Yet, I am sure that you are not
without a Message.
You may not be a Weaver,
Yet, It's certain that you are not
without a string.

★

**Not** the f l a m e
but the sheer want of fragrance,
often burns your fine-delicate flower of life.

★

**Whatever** nature gives you,
She first puts it on the petals of your soul;
Whatever offering she takes from you,
She puts it in the h e a r t of your soul-to-be.

★

**I** may doubt if it is a cloud,
But how can I doubt if it is a Shower ?

**When** you give anything precious of life
its pro[illegible]
I[illegible] into a flame,
[illegible]me its proper place
[illegible] into a glow.
**AN[illegible]LORIOUS....**
**[illegible]ING !**